


# નિવેદન...

પરાત્પર પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને તેમનાં પૂર્ણસિદ્ધ અનાદિમુક્તોની પરાવાણી રત્નાકર તુલ્ય હોવાથી તેમાંનું દરેક રત્ન મહામૂલ્યવાન ગણાય. સદ્‌ગુરુવર્ય અનાદિમુક્ત પરમ પૂજ્ય શ્રી નારાયણભાઈનાં દિવ્યજ્ઞાનામૃત 'અમૃત સાગર' રૂપ રત્નાકરમાંથી તેનાં અતાગ ઊંડાણમાં અવગાહન દ્વારા અમૂલ્ય રત્નોને એકત્રિત કરી મુમુક્ષુ સાધકવૃંદ સમક્ષ 'અમૃત રત્નો' પ્રગટ કરતાં સહજ હર્ષોલ્લાસ અનુભવાય છે.

અમને આકંઠ પ્રતીતિ છે કે આ મૂલ્યવાન 'અમૃત રત્નો'નું યથાર્થ મૂલ્ય સમજી, તેમને જીવનદેહ ઉપર ધારણ કરનાર મુમુક્ષુ સાધક પોતાનો આંતરિક તેમજ આધ્યાત્મિક  વિકાસ સાધી, આવા બેશ કીમતી રત્નોના જ્ઞાનસભર સંસ્પર્શ દ્વારા 'અમૃત સાગર'માં નિમજ્જન કરવા સ્વતઃ પ્રેરાઈને નવા નવા રત્નોની શોધમાં લાગી જઈ, અપાર આધ્યાત્મિક સમૃદ્ધિ હાસિલ કરી શકશે એ નિ:સંદેહ તથ્ય છે.

અંતમાં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ, તેમના સંકલ્પસ્વરૂપ અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રી, સદ્‌ગુરુશ્રીઓ તથા દિવ્ય રહસ્યજ્ઞાનામૃત પ્રદાતા સદ્‌ગુરુવર્ય અનાદિમુક્ત પરમ પૂજ્ય શ્રી નારાયણભાઈની અસીમ કૃપા રત્નાકરમાંથી રત્નોનાં સંકલનમાં સહયોગી થનાર મરજીવારૂપ સંનિષ્ઠ, સમર્પિત સેવકો તથા આ પ્રકાશન કાર્યમાં સહભાગી થનાર સેવાપ્રતિબદ્ધ સેવાર્થી તેમજ જ્ઞાનપિપાસુ વાચકસમુદાય ઉપર નિરંતર વરસતી રહો એ જ અંતરની અભ્યર્થના!

વિક્રમ સંવત ૨૦૭૮, કારતક સુદ - ૧૨ (પ્રબોધિની એકાદશી)
તા. ૧૫ નવેમ્બર, ૨૦૨૧ (સોમવાર)

**પ્રકાશક**
**Narayanleela.org**

# અમૃત રત્નો

પ્રભુના દિવ્ય સુંદર સ્વરૂપની સુંદરતા જ
સર્વત્ર પ્રસરેલી છે.

ൠൡ

એક life-મનુષ્યજીવન કેવળ પ્રભુમય હોવું જરૂરી છે.

ൠൡ

ભક્તિ એટલે પ્રભુ પ્રત્યે માહાત્મ્યજ્ઞાને સહિત જે
અતિ સ્નેહ તે જ ભક્તિ.

ൠൡ

વાણી-વર્તનની નિર્મળતા દ્વારા જ પ્રભુપ્રસન્નતા થાય છે.

ൠൡ

મુમુક્ષુ સાધકે દરેક પ્રકારના ભયથી પર થઈ
સંપૂર્ણ નિર્ભય બનવું અનિવાર્ય છે.

# અમૃત રત્નો

સાધકે ક્લેશમય વાતાવરણથી દૂર રહેવું.

ȣɐ

શરીર સારું હોય તથા મન મજબૂત હોય તો જ સાક્ષાત્કારને માર્ગે પ્રગતિ શક્ય બને છે.

ȣɐ

શ્રદ્ધા એ પ્રભુની દિવ્યશક્તિના વહન માટેનું ઉત્તમ માધ્યમ છે.

ȣɐ

દરેક કાર્યમાં ચોક્કસાઈ અને કાળજી એ પ્રભુનો ગુણ હોવાથી તેમાં તેમની પ્રસન્નતા સમાયેલી છે.

ȣɐ

મનનો કદાપિ વિશ્વાસ ન કરવો.

# અમૃત રત્નો

સાધક માટે રસાસ્વાદ જીતવો અતિ આવશ્યક છે,
માટે મેળાવીને ખાવું, મિતાહાર કરવો.

ജ്വ

પોતાના દોષોની ઓળખ થવી એ જ
પ્રભુની મહદ્ કૃપા છે.

ജ്വ

ગમે તેવી કસોટીમાં શ્રદ્ધા ને ધીરજ ડગે નહિ
તે સાચા સાધકનું લક્ષણ છે.

ജ്വ

અંત:કરણની શુદ્ધિ ન હોય તો
આધ્યાત્મિક પ્રગતિ શક્ય ન બને.

ജ്വ

અહંનો સંપૂર્ણ અભાવ એ જ સાચો દાસભાવ.

# અમૃત રત્નો

પ્રભુના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રહે
તે તપની પરાકાષ્ઠા છે.

ഇ

જેણે મન જીત્યું તેણે જગત જીત્યું.

ഇ

મને સહિત એક દષ્ટીએ, એક વૃત્તિએ મૂર્તિ ધારવી
એ મૂર્તિ સિદ્ધ કરવાનો શ્રેષ્ઠ ઉપાય છે.

ഇ

સંકલ્પ-વિકલ્પ કરવાની ટેવ છોડી ખૂબ ધીરજ રાખવી
એ પ્રભુપ્રસન્નતાની ગુરુચાવી છે.

ഇ

પુરુષાર્થ વગર સાક્ષાત્કારની અપેક્ષા
આકાશકુસુમવત્ નિરર્થક છે.

# અમૃત રત્નો

સંપૂર્ણ સહજ બ્રહ્મચર્ય આત્મા ઉપરના બધા
આવરણો ટાળવામાં અતિ આવશ્યક સાધન છે.

છઌ

શ્રદ્ધા પ્રભુ સાથે એકતા સાધવાનું
સર્વ શ્રેષ્ઠ સહાયક ઉપકરણ છે.

છઌ

શુભ તથા અશુભ બંને પ્રકારની વાસના
જન્મ ધરવાનું નિમિત્ત બને છે.

છઌ

મૃત્યુ પહેલાં જ બરોબર નિર્વાસનિક થઇ જવું,
નહિ તો મોક્ષમાં વિલંબ થઇ જાય.

છઌ

ગુરુભક્તિનો અર્થ એ છે કે પ્રભુની પ્રસન્નતાર્થે મુક્તના
વચન પ્રમાણે તેમજ તેમની અનુવૃત્તિમાં વર્તવું.

# અમૃત રત્નો

મુક્તપુરુષ વઢે ત્યારે તેમના વિષે દિવ્યભાવ રહે,
તો બધા દોષ ટળી જાય.

ꕤ

નિઃસ્વાર્થ સેવાકાર્યોથી પ્રભુની પ્રસન્નતા થયે
પ્રભુના દિવ્યસ્વરૂપમાં સ્થિતિ થાય.

ꕤ

મુક્ત એક જ વાર આશીર્વચન આપે
તેમાં બધું જ આવી જાય.

ꕤ

કેવળ સાધનના બળથી સાક્ષાત્કાર સંભવતો નથી.
તેમાં પ્રભુકૃપા ભળે ત્યારે જ તે શક્ય બને છે.

ꕤ

સાચા મુક્તો પ્રભુના સ્વરૂપમાં જ જોડે છે,
જે પોતામાં જોડે તે મુક્ત જ નથી.

# અમૃત રત્નો

મુક્તો સેવક હોવાથી મુક્તોનું ધ્યાન ન થાય.

༄༅

સિદ્ધિઓના રાગ પણ બંધનકારી છે.

༄༅

અનુભવજ્ઞાન શાસ્ત્રો કરતાં વિશેષ છે અને હોય જ.

༄༅

એક જ વાત છે કે પ્રભુ સાથે રોમેરોમ એકતા થાય,
તો જ પ્રભુનો સાક્ષાત્કાર થાય.

༄༅

પૂર્ણ અનાદિમુક્ત દિવ્ય સ્થિતિમાં
કેટલાય કલ્પ સુધી સુખ ભોગવ્યા પછી
સ્વસિદ્ધ અનાદિમુક્ત તુલ્ય થાય છે.

# અમૃત રત્નો

જે ધ્યાન દ્વારા પ્રભુના સ્વરૂપમાં અભિવાંછિત પ્રેમ પ્રગટ ન થાય તે ધ્યાન ધ્યાન છે જ નહીં.

ઙ્ઞ

જાણપણારૂપી દરવાજે ઊભા રહી, પ્રભુપ્રસન્નતાના સાધન કરવાથી દોષો-સ્વભાવોનું બળ ઘટે છે.

ઙ્ઞ

મુક્તને વિષે સદાય દિવ્યભાવ રાખવો એ જ પ્રભુના સાક્ષાત્કારનો શ્રેષ્ઠ ઉપાય છે.

ઙ્ઞ

પુરુષપ્રયત્ન વગર આશીર્વાદ ઝીલી શકાતા નથી.

ઙ્ઞ

પ્રભુદર્શનની તીવ્ર તાલાવેલી પણ સાચા મુમુક્ષુના અંતરમાં ભગવાન અને મુક્ત પોતે જ પ્રેરે છે.

# અમૃત રત્નો

શ્રીજીમહારાજ નિત્ય સ્વામી છે અને
અનાદિમુક્તો નિત્ય દાસ છે.
આ ભેદ શાશ્વત છે.

ജ്ഞ

પ્રભુ તથા તેમના સિદ્ધ અનાદિમુક્ત કૃપા કરીને
જીવને પોતાના સુખમાં લઇ જાય ત્યારે જ પૂરું થાય.

ജ്ഞ

પરમાત્મા અથવા એમના સિદ્ધ મુક્તનું
પ્રગટપણું હોય ત્યારે જે પાત્ર મુમુક્ષુ હોય
તે જ પૂર્ણસ્થિતિ પ્રાપ્ત કરી શકે.

ജ്ഞ

મુક્ત દ્વારા બીજાને મુક્ત બનાવવા
એ પ્રભુનો પોતાનો જ મૂળ સંકલ્પ હોવાથી
મુક્તને માધ્યમ બનાવે છે.

# અમૃત રત્નો

પ્રબુદ્ધ સત્પુરુષની સેવા સાધક માટે સર્વોત્કૃષ્ટ સેવા છે,
સેવા એ કર્મો બાળવાનું અમોઘ સાધન છે.

ꕥ

Ego (અહંકાર) એ છેલ્લામાં છેલ્લું
અતિ સૂક્ષ્મ આવરણ છે. એનું મૂળ જાય ત્યારે જ
પ્રભુના દર્શન થાય.

ꕥ

મહારાજ અને મુકતો જીવોને
કર્મ કરવાની સ્વતંત્રતામાં બિનજરૂરી
હસ્તક્ષેપ કરતા નથી.

ꕥ

અખંડ એવી દૃઢતા કર્યા કરવી કે હું મહારાજની
મૂર્તિમાં રહેલો અનાદિમુક્ત જ છું. એ પ્રકારનો અહંકાર
ભૌતિક ન રહેતાં દિવ્ય બની જાય છે.

# અમૃત રત્નો

અનાદિમુક્ત સમર્થ હોવા છતાં આધ્યાત્મિક શક્તિનો અનાવશ્યક ઉપયોગ કરતા નથી.

ജ്ഞ

મુક્તની દરેક ક્રિયા દિવ્ય અને જીવોના આત્યંતિક કલ્યાણના ઉદ્દેશ્યથી જ હોય છે.

ജ്ഞ

યથાર્થ સમાધાન દ્વારા મૂંઝવતા પ્રશ્નોની સ્પષ્ટતા થવાથી સાધનાપથ મોકળો બને છે.

ജ്ഞ

પૂર્ણ સ્થિતિ થયા પછી પણ સુખભોક્તાની ગતિ-સ્થિતિનો કોઈ અંત નથી, તે ઉત્તરોત્તર વધતી જ જાય છે.

પ્રભુના સ્વરૂપમાં ને તેના સુખમાં ટકવું હોય,
તો પ્રભુ જેટલી જ નિર્મળતા પ્રાપ્ત કરવી પડે.
એ સિદ્ધાંત વાત છે.

ꙮ

મહારાજ અને મુક્તની કૃપા થાય તો
સાક્ષાત્કાર થઇ તેમના જેવા સુખની પ્રાપ્તિ થાય.

ꙮ

આત્યંતિક મોક્ષને માટે પરમાત્માના
સ્વરૂપની ઉપાસના અને ધ્યાન જ મુખ્ય છે.

ꙮ

પરભાવમાં મહારાજ અને મુક્તોનું
ભેગું દિવ્યસુખ મુક્તદશામાં અનુભવાય છે.

# અમૃત રત્નો

સાધક માટે ખંત ને ધૈર્યપૂર્વક સાધના કરવા સિવાય
બીજો વિકલ્પ જ નથી.

ᏍᏍᏍ

મુક્ત પાસે પોતાના ઠરાવ રાખીને પોતાનું ધાર્યું કરાવે
તે પ્રભુ અને મુક્તને ન ગમે.

ᏍᏍᏍ

આત્યંતિક મોક્ષ તો એક શ્રીજીમહારાજ અને
તેમના લાડીલા મુક્તો જ આપી શકે છે.

ᏍᏍᏍ

પ્રભુના કલ્યાણકારી ગુણોનો જેમાં આવિર્ભાવ થયો હોય
તે જ ખરો ધનવાન, બાકીના બધા કંગાલ.

ᏍᏍᏍ

મૌન દ્વારા આંતરિક ઊર્જાનો સંચય થાય છે જે
સાધનામાં અતિ આવશ્યક છે.

જેને સાક્ષાત્કારના માર્ગે આગળ વધવું હોય તેને
થોડી સરખી પણ અપ્રમાણિકતા નડે છે.

ꕥ

જો પાપ કર્મો લોઢાની સાંકળ છે,
તો પુણ્ય કર્મો સુવર્ણની સાંકળ છે જ.
બંને જીવને બાંધી રાખે છે.

ꕥ

અતર્ક મુમુક્ષુ ઉપર મુક્તની વધુ પ્રસન્નતા થયે
સાક્ષાત્કારને માર્ગે પાત્રતા આવે છે
ને ત્વરિત પ્રગતિ સધાય છે.

ꕥ

સંઘર્ષ દ્વારા આંતરિક ઊર્જા પ્રબળ બનવાથી
આધ્યાત્મિક ચેતનાનો ત્વરિત વિકાસ થાય છે.

# અમૃત રત્નો

પાત્રતા કરી મૂર્તિ સિદ્ધ કરવાનો પ્રયત્ન કરે
ત્યારે જ મૂર્તિ સિદ્ધ થાય.

ꙮ

મહદંશે પુરુષાર્થ વગર મુક્ત કૃપા પણ કરતા નથી.

ꙮ

શરણાગતિ એટલે પ્રભુએ આપણા માટે નિર્માણ કરેલી
કોઈ પણ પરિસ્થિતિનો સહર્ષ સ્વીકાર.

ꙮ

વૈરાગ્ય ન હોય અને કાચો-પોચો હોય તો તેવા ત્યાગીને
દોષ લાગે અને કર્મબંધન પણ થાય.

ꙮ

જ્યારે ચૈતન્ય પ્રભુરૂપ થઇ,
પ્રભુના દિવ્યસાકાર સ્વરૂપમાં સંલગ્ન થઇ જાય છે
તેને જ અખંડ વૃત્તિ કહી છે.

# અમૃત રત્નો

સર્વોપરી આત્યંતિક કલ્યાણ પ્રાપ્ત કરવું હોય,
તો સર્વોપરી પરમાત્મા સ્વામિનારાયણ ભગવાનની
ઉપાસના કરવી અનિવાર્ય છે.

ઊભ

ધ્યાન દ્વારા ચિત્તની પ્રસન્નતા નિષ્પન્ન થવાથી
સાધનામાં ત્વરિત ગતિએ પ્રગતિ સધાય છે.

ઊભ

શ્રીજીમહારાજની ચરણરજનો મહિમા બીજી પ્રસાદી,
પ્રસાદીના પગલાં-પદાર્થ કરતાં અધિક છે.
તેમાં શ્રીજીમહારાજ તથા અનાદિમુક્તનો દિવ્યસંકલ્પ
સમાયેલો હોવાથી તે રજ દિવ્ય અને
અગાધ શક્તિથી ભરેલી હોય છે.

ઊભ

દૃઢ નિષ્કામવ્રત વગર કારણશરીર બળે નહીં.

સ્વસિદ્ધ અનાદિમુક્તરાજ અબજીબાપાશ્રીને વિષે સંપૂર્ણ શ્રદ્ધા અને હેત રાખી તેમને અંતકાળે સંભારે તો ચોક્કસપણે મૂર્તિના સુખની પ્રાપ્તિ કરાવી દે છે. કારણ કે સ્વયં શ્રીહરિનો જ એવો સંકલ્પ છે.

શ્રદ્ધાના તાર વડે પ્રભુકૃપાને સાંધે તો કારણશરીર બળે ને મોક્ષ થાય.

તપ ને નિવૃત્તિધર્મ નિષ્કામવ્રતની દૃઢતા માટે છે. એની દૃઢતાથી ઊર્ધ્વરેતા થઇ આત્મા-પરમાત્માના સ્વરૂપનો સાક્ષાત્કાર કરવાની પાત્રતા આવે છે.

પૂર્ણતાને પ્રાપ્ત થયેલો આત્મા ક્યારેય પણ પતનને પામતો નથી. તેના પતનની કોઈ શક્યતા જ નથી.

મુક્તના વચનને વિષે સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ રાખવાં, તેમાં તર્ક ન કરવો.

ꙮ

મુક્ત તો સત્યમૂર્તિ છે તેમને વિષે દોષ કલ્પનારનું ઠીકરું ફૂટી જાય છે. મુક્ત દયાળુ હોઈ બધું માફ કરે, પણ પરમાત્મા તેને માફ નથી કરતા.

ꙮ

જે મુક્તનો જોગ કર્યો હોય અને તેમનું જ મુખ્યપણું ન રાખે, તો તે કૃતઘ્નતા ગણાય અને એવા કૃતઘ્નીનું માનખંડન કરતાં પ્રભુ અચકાતા નથી.

ꙮ

નિવૃત્તિ પકડીને બેસી જાય તો પણ ચિત્તમાં રહેલા અનંત જન્મના સંસ્કારો ઉદય થઈને મુમુક્ષુ પર હાવી થઇ, સાધના દરમ્યાન પ્રહાર કરી શકે છે.

# અમૃત રત્નો

મુક્ત મનુષ્યરૂપે હોય કે અદૃશ્ય થઇ ગયા પછી દિવ્યરૂપે હોય તે બન્ને એક જ છે.

ဢ

મૂર્તિ સિદ્ધ કર્યા વગર પાત્રતા ન થાય અને પાત્રતા થયા વગર મહાપ્રભુજી અને મુક્તોની કૃપા ન થાય અને કૃપા વગર સાક્ષાત્કાર ન થાય અને પ્રભુના સાક્ષાત્કાર વગર આત્યંતિક મોક્ષ ન થાય.

ဢ

કેવળ પ્રભુના મહિમાની વાતો કરે અને નીતિ ન રાખે તો તેની આધ્યાત્મિક પ્રગતિ અવરોધાય.

ဢ

પ્રભુ તથા મુક્તો આ લોકમાં મનુષ્યરૂપે પ્રગટ થયા વગર પરભાવમાં રહ્યા થકા જીવોના કલ્યાણરૂપી અવરભાવનું કાર્ય કરતા નથી.

પ્રભુ અને તેમના લાડીલા અનાદિમુકતો પ્રગટ થઇ
જીવોની ઉત્ક્રાંતિમાં મદદ કરે છે,
તે  પ્રક્રિયાને ઝડપી બનાવે છે અને તેઓ
અનંત જીવોના આવરણો ટાળી તેમનું કલ્યાણ કરે છે.

ജര

મહારાજની મૂર્તિ સંભારવાના અભ્યાસથી
ઘાટ-સંકલ્પના વિક્ષેપો ઓછા થતા જાય છે.

ജര

જે વ્યક્તિને પરમાત્માનો સાક્ષાત્કાર થાય તેને
અણુ અણુ પ્રત્યે પ્રભુના દિવ્ય સાકાર સ્વરૂપની
વ્યાપકતાના દર્શન થાય છે.

ജര

યથાર્થ સમજણ રાખી ધીરજપૂર્વક
મુશ્કેલીઓનો સામનો કરે તો ગમે તેવી પરિસ્થિતિમાં
પણ શ્રદ્ધા ડગે નહિ.

# અમૃત રત્નો

મુક્ત દ્વારા સ્વયં શ્રીજીમહારાજ બધા કાર્યો કરતા હોવાથી, શ્રીજીમહારાજને એક જ બ્રહ્માંડમાં વારે વારે મનુષ્યરૂપે પ્રગટ થવાની આવશ્યકતા રહેતી નથી.

ꙮ

કૃપામાં અપાર શક્તિ છે, પરંતુ જો તે કૃપાની સાથે સાથે સાધક પુરુષપ્રયત્ન કરી શુદ્ધ જીવન જીવે તો પ્રગતિ વિના વિલંબે ત્વરિત ગતિથી થાય.

ꙮ

મુક્તોના વિચરણથી તથા તેમના દિવ્ય સંકલ્પથી સર્વત્ર પ્રભુની દિવ્યતા પ્રસરે છે. તે દિવ્યતાનો લાભ જીવોને પોતાની પાત્રતા પ્રમાણે મળે છે.

ꙮ

ઉપાસનાના ભેદે કરીને પ્રાપ્તિમાં પણ ભેદ રહે છે.

# અમૃત રત્નો

જેમની કૃપાથી જીવને અનાદિમુક્તની સ્થિતિ
પ્રાપ્ત થઇ હોય તે અનાદિમુક્તનું ગુરુરૂપે
અવરભાવમાં જેમ મુખ્યપણું રહે છે,
તેમજ પરભાવમાં મુક્તદશામાં પણ મુખ્યપણું રહે છે.

ဢဨ

સાચા અર્થમાં દિવ્યભાવ એટલે વ્યક્તિના
ચૈતન્યનું સર્વપ્રકારે હિત થાય તેમ કરવું.

ဢဨ

નિ:સ્વાર્થ પ્રાર્થનાથી પ્રભુની પ્રસન્નતા થાય છે
અને અંત:કરણ શુદ્ધ થવાથી પ્રભુને વિષે
પ્રેમ લક્ષણા ભક્તિ પ્રગટે છે, જેનાથી ચૈતન્યનું
આધ્યાત્મિક ઊર્ધ્વીકરણ ખૂબ જ ઝડપથી થાય છે.

ဢဨ

મહારાજની પ્રાપ્તિ કરવા માટે મુક્ત આદર્શરૂપ છે.

## અભય-નિર્ભયતાનો સૂક્ષ્મ અર્થ છે

કાળ, કર્મ, માયા તથા મૂળઅક્ષર પર્યંતના ઐશ્વર્યરૂપ ભયસ્થાનો, એ બધાના ભયથી રહિતપણું.

ꕥ

પૂર્ણ મુક્ત હોય તે જ બીજાને પૂર્ણસ્થિતિ કરાવી શકે. સાધનિકથી એ કામ શક્ય નથી. જે  પ્રબુદ્ધ હોય તે જ બીજાને પ્રબુદ્ધ કરી શકે, આ સિદ્ધાંત વાત છે.

ꕥ

અનાદિમુક્તો શ્રીજીના વ્યતિરેક સ્વરૂપના મુક્તાવતારો છે, તેથી તેઓ બીજા બધા અવતારો કરતાં શ્રેષ્ઠ છે.

ꕥ

આત્મામાં પરમાત્માના દિવ્યસ્વરૂપનો સાક્ષાત્કાર થાય અને મૂર્તિમાં રહી બધી ક્રિયારૂપ ધર્માચરણ થાય એ ધર્મનો અવધિ છે.

અનાદિમુક્ત પોતાના વિશિષ્ટ દિવ્ય સંકલ્પોથી
સર્વત્ર દિવ્યતા પ્રસરાવતા હોવાથી,
જે પાત્ર હોય તેને તે દિવ્યતા આકર્ષે છે અને
તેને પરમાત્મા સંબંધી યથાર્થ જ્ઞાનનો ઉદય થાય છે.

જેણે પ્રભુના ખરા ભક્ત કહેવડાવવું હોય,
તેની પ્રભુની આજ્ઞા પ્રમાણે અણીશુદ્ધ વર્તન કરવાની
જવાબદારી બની જાય છે.

દિવ્યભાવ રાખવાનો અર્થ એ છે કે, કોઈપણ ચૈતન્ય
પરત્વે તિરસ્કારની ભાવના ન થવી જોઈએ.

મુક્ત તો શ્રીજીમહારાજને કાર્યો કરવા માટેનું
ઉત્તમ માધ્યમ છે, જેને નિમિત્ત બનાવી મહાપ્રભુજી
પોતે જીવોને પોતાના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન,
ઉપાસના સમજાવી આત્યંતિક મોક્ષ અર્પે છે.

# અમૃત રત્નો

સર્વે શાસ્ત્રોનો સાર એક પરમાત્માના સ્વરૂપમાં
અખંડવૃત્તિ રાખવાનો અભ્યાસ કરવો
અને તેમના દિવ્ય નામનું રટણ કરવું એ જ છે.

ઌ૦ઌ

મુક્તની દ્દષ્ટિમાં જે કોઈ મુમુક્ષુ આવી જાય
તેના ચૈતન્ય ઉપરના આવરણો ખસવાની પ્રક્રિયા
તરત જ શરૂ થઇ જાય છે અને તેની
પૂર્ણતા તરફની ગતિ પણ આરંભાય છે.

ઌ૦ઌ

ધ્યાનનો અભ્યાસી હિંમત હાર્યા સિવાય
ખંતપૂર્વક અસ્ખલિત યત્ન કર્યા કરે,
તો પરમાત્માના સાક્ષાત્કાર સુધી ચોક્કસ પહોંચે.

ઌ૦ઌ

પાત્રતા આવ્યા વગર પ્રભુના સુખની
ઈચ્છા રાખવી વ્યર્થ છે. માટે પુરુષપ્રયત્ન કરી
પાત્ર થવું તે મહારાજ અને મોટા મુક્તનો સિદ્ધાંત છે.

# અમૃત રત્નો

પ્રભુની વિશિષ્ટતા શાશ્વત છે. એટલે મહારાજ
અને મુક્તોને સ્વામી-સેવકભાવ નિત્ય રહે છે.
આ જ વાસ્તવિક રીતે વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત છે.

મુક્ત દ્વારા પ્રતિમાસ્વરૂપમાં પ્રભુ સ્વયં પોતાની
ઓજસરૂપ દિવ્ય આધ્યાત્મિક શક્તિ મૂકે છે.
તેથી તે પ્રતિમાસ્વરૂપ ચૈતન્યોને આકર્ષે છે.

અનાદિમુક્તનું માહાત્મ્ય જાણવાથી સાધકમાં સાધના
પ્રત્યેની શ્રદ્ધા, આત્મવિશ્વાસ, ધૈર્ય, ખંત, પ્રભુપ્રાપ્તિની
ત્વરા, મુમુક્ષુત્વ જેવા ઉદ્દાત ગુણો વિકસે છે.

મુમુક્ષુએ ભગવાનની પ્રસન્નતાના સાધન ઠેઠ
મહાપથારી સુધી એટલે દેહના અંત સુધી કરવા.

# અમૃત રત્નો

મહારાજનું સુખ જેને જોઈતું હોય તેને મોટા મુક્તનો
રાજીપો મેળવવો જ પડે. તેમને રાજી કર્યા સિવાય કૂદકો
લઈને મહારાજનું સુખ ક્યારેય લઇ શકાતું નથી.

જેને છતે દેહે સાક્ષાત્કાર કરવાની પ્રબળ ઈચ્છા હોય,
તેને સાક્ષાત્કાર થયા વગર દેહ પડી જાય
તો બીજો જન્મ ધરવો પડે.

અનાદિમુક્તોની હાજરીમાં બ્રહ્મયજ્ઞ થતો હોય,
ત્યારે તેની દિવ્યતા દિવ્ય તરંગો દ્વારા માઈલો સુધી
ફેલાતી હોવાથી, તે અનેક ચૈતન્યને શુદ્ધ કરી
તેનું ઊર્ધ્વીકરણ કરે છે.

દેહાત્મબુદ્ધિથી સંપૂર્ણ રહિત થઈ પરમાત્માના
સ્વરૂપ સિવાય અન્યત્ર અણુમાત્ર રાગ ન રહે
તે વૈરાગ્યનો અવધિ જાણવો.

# અમૃત રત્નો

પ્રભુ તથા મુક્તોની પરાવાણી સાક્ષાત્કાર થઇ સુખમાં ગતિ ન થાય ત્યાં સુધી સાંભળી શકાતી નથી.

ഇଔ

ભગવાન કે મુક્તના ખોટા સમ ખાવા તે પ્રજ્ઞાપરાધ ગણાય છે, અર્થાત્ પ્રભુની સર્વવ્યાપી ચેતનાનો અપરાધ.

ഇଔ

પ્રગટ મુક્તના આદરમાં મહારાજ સહિત બધા મુક્તોનો આદર આવી જાય અને તેમના અનાદરથી મહારાજ સહિત સર્વે મુક્તોનો અનાદર થાય છે.

ഇଔ

અનંત અનાદિમુક્તનો સ્વાનુભવ છે કે શ્રી સ્વામિનારાયણ પ્રભુ સર્વોપરી છે, એ વાત  કપોળકલ્પિત નથી.

# અમૃત રત્નો

મહારાજ તથા મુક્તનો જેમ જેમ મહિમા વધતો જાય, તેમ તેમ હૃદયને વિષે તેટલો દિવ્ય પ્રકાશ અને નાદ પણ વધતો જાય અને દિવ્યસુખની પણ વૃદ્ધિ થતી જાય.

ൈ

સકામ પ્રાર્થના પણ શ્રીજીમહારાજને અને તેમના અનાદિમુક્તને જ કરવી,  જેથી ઉપાસનાભંગ ન થાય.

ൈ

ભૌતિક આકાશથી પર ચિદાકાશ છે તે પરમાત્માની મૂર્તિનો પ્રકાશ છે, તે અનંત અપાર પ્રમાણે રહિત છે ને તેમાં અનંત બ્રહ્માંડો રહેલાં છે.

ൈ

જે ભક્તને ઉપાસના અને નિશ્ચયની સંપૂર્ણ દૃઢતા હોય, એટલે સ્વરૂપનિષ્ઠા પરિપક્વ હોય તેને વર્તમાનલોપ કદી થાય જ નહિ.

મુક્તસ્થિતિ પ્રાપ્ત કરવા માટે પ્રભુના સ્વરૂપમાં
પ્રતિલોમ ધ્યાન દ્વારા જોડાવાનો નિરંતર અભ્યાસ કર્યા
કરવો એ છેલ્લા વર્તમાન છે.

ઋઌ

જ્યારે હરિભક્તોની શ્રદ્ધા મંદ પડે અથવા
ધર્માચરણમાં કે સમજણમાં શિથિલતા આવે, ત્યારે
મહારાજ થોડું દુઃખ પ્રેરે અને તેમાં રક્ષા પણ કરે.

ઋઌ

'શ્રી સ્વામિનારાયણ' નામનું અખંડ રટણ કર્યા કરવું
અને તેમની મૂર્તિનું ધ્યાન કરવું એ સર્વોપરી તપ છે.

ઋઌ

મુક્તો પણ પ્રભુ જેવા જ દિવ્ય સાકાર છે.
તેમના સ્વરૂપમાંથી પણ દિવ્ય પ્રકાશ નીકળે છે,
પણ તે પ્રભુના પ્રકાશ પાસે અલ્પ હોવાથી
પ્રભુના પ્રકાશમાં તેમનો પ્રકાશ લીન થઈ જાય છે.

# અમૃત રત્નો

દિવ્ય સુખના અનુભવનો વિલંબ મહારાજ તથા મોટાને વિષે નિષ્ઠામાં, શ્રદ્ધામાં અને તેમનું માહાત્મ્ય સમજવામાં ખામી હોવાને લીધે થાય છે.

ꕥ

મુમુક્ષુ સાધકમાં અણીશુદ્ધ ચારિત્ર્ય અને મહારાજ તથા મુક્તના કલ્યાણકારી ગુણો હોવા અતિ આવશ્યક છે.

ꕥ

જેમ શક્તિશાળી સૂર્યનો પ્રકાશ પરાવર્તન પામીને ચંદ્ર દ્વારા શીતળતા અર્પે છે, તેમ સત્પુરુષ પ્રભુની શક્તિ દ્વારા જીવોને સુખિયા કરે છે, શાંતિ અર્પે છે.

ꕥ

જે ભક્ત ઉપર પ્રભુનો રાજીપો હોય તેને શિક્ષા કરીને પણ અવનતિને માર્ગેથી પાછા વાળે છે.

જે મુક્તનો અપરાધ થઇ ગયો હોય તેમને સંભારીને
તેમને અને શ્રીજીમહારાજને પ્રાર્થના કરે,
તો તે અપરાધ માફ થઇ જાય છે.

શ્રીજીમહારાજને પ્રાપ્ત કરવા, તેમનો સાક્ષાત્કાર કરવો
સૌથી દુષ્કર છે. અને તે પ્રાપ્ત થયા પછી
બીજી કોઈ જ પ્રાપ્તિની આવશ્યકતા રહેતી નથી.

મહારાજ તથા તેમના અનાદિમુક્તો ચાહે તેમ કરવા
સમર્થ છે, ક્યારેક જરૂર જણાય ત્યારે સૃષ્ટિના
નિયમોમાં પણ આવશ્યક ફેરફાર કરે અને પોતાનું
સામર્થ્ય વાપરીને કાર્ય સિદ્ધ કરે.

દાસભાવે પ્રભુના દિવ્યસુખમાં જ ગુલતાન રહેલા
મુક્તને પોતાની કોઈ ઇચ્છા નથી હોતી.
પ્રભુની ઈચ્છા તે જ તેમની ઈચ્છા.

# અમૃત રત્નો

પૂર્ણ મુક્ત પોતે જ જ્યાં સુધી અનાદિમુક્તની સ્થિતિનું
માહાત્મ્ય, સામર્થ્ય, ગુણો વગેરે ન સમજાવે, ત્યાં સુધી
સાધકને પોતાની બુદ્ધિએ તે સમજવું અશક્ય છે.

ജ്ഞ

જીવો કર્મોની સજા ભોગવે તો જ શુદ્ધ થઇ પાત્ર થાય,
માટે જ પ્રભુ પોતે પણ શરણાગત જીવોના
બધા જ પ્રારબ્ધકર્મ ટાળતા નથી,
પણ પોતાની મરજીથી ભોગવાવે છે.

ജ്ഞ

શ્રીજીમહારાજ તથા તેમના અનાદિમુક્તો અણુ અણુ
પ્રત્યે સર્વત્ર વ્યાપક તથા સર્વજ્ઞ હોવાથી
તેમને જે કોઈ ભક્ત હૃદયના સાચા ભાવથી સંભારે,
ત્યારે તરત જ પ્રત્યક્ષ જેવું કામ કરે છે.

અનાદિમુક્તના જોગ-સેવા-સમાગમ કેવળ
તેમની નિષ્કારણ કૃપાથી જ મળે છે.

ꕥ

સાધકને મુક્ત વિષે અખંડ દિવ્યભાવ રહે,
તો તે મુક્તના જોગે કરીને તેમના જેવી
દિવ્યસ્થિતિ સાધકની પણ થાય છે.

ꕥ

શ્રીજીમહારાજ તથા અનાદિમુક્તનું વચન પાળવું
તે માળા, કથા, વાર્તા, કીર્તન કરવાં તથા સોળે-બોળેનું
નિયમ પાળવા જેવા સાધનો કરતાં અધિક છે.

ꕥ

સર્વોપરી શુદ્ધ ઉપાસના એ પ્રભુના સ્વરૂપનો નિશ્ચય,
શ્રદ્ધા, સ્નેહ તથા મહિમાનું પરિપક્વ સ્વરૂપ છે.

# અમૃત રત્નો

સાધકને જ્યારે કોઈ પ્રત્યે દ્વેષભાવ ન રહે, ત્યારે તે નિર્દોષ બને. નિર્દોષ મન દ્વારા જ પ્રગતિ સધાતી હોવાથી સાધકે મુક્ત પ્રત્યે નિર્દોષ બુદ્ધિ અને અખંડ દિવ્યભાવ રાખવો અતિ આવશ્યક છે.

ꙮ

મુક્તો કાળ, કર્મ અને માયાથી પર અને સ્વતંત્ર છે, પણ મહારાજ પાસે પરતંત્ર અને દાસ છે.

ꙮ

જ્યાં સુધી સુખનો અનુભવ થઇ સિદ્ધદશા ન આવે, ત્યાં સુધી પોતે મુક્ત છે એમ બોલવાનો સાધકને અધિકાર જ નથી.

ꙮ

સ્વસિદ્ધ અનાદિમુક્તના ચૈતન્ય વિશિષ્ટ હોય અને તેમનું સુખ, જ્ઞાન, સામર્થ્ય, ઐશ્વર્ય, પ્રકાશ, સુખ ભોગવવાની ગતિ વગેરે સિદ્ધ અનાદિમુક્ત કરતાં વિશેષ હોય છે.

પ્રભુ અને સિદ્ધ અનાદિમુક્તના નામ ને રૂપ પણ અલૌકિક સામર્થ્યવાળા છે.

ຄ໙

પ્રભુના દિવ્યસ્વરૂપમાંથી દિવ્ય પ્રકાશ, દિવ્ય ખુશ્બુ, દિવ્ય નાદાત્મક મધુર સંગીત વગેરે અખંડ પ્રગટ થાય છે. અનાદિમુક્તો પરભાવમાં તેનો પરમ દિવ્યાનંદ માણે છે.

ຄ໙

મુક્તની ક્રિયાઓમાં સંકલ્પ વિકલ્પ ન થાય અને સદાય દિવ્યભાવ રહે એ જ સાચા મુમુક્ષુનું લક્ષણ ગણાય.

ຄ໙

જાણપણાની સમજણ રાખી અંતરશત્રુની સાથે લડાઈ કરીને તેઓને કાઢી નાંખવા અને ખૂબ જ બળવાન બનવું, તો લક્ષપ્રાપ્તિ થઇ જાય.

# અમૃત રત્નો

પ્રભુની દિવ્યશક્તિ ગ્રહણ કરવા તથા આશીર્વાદ
ઝીલવા માટે દૃઢ શ્રદ્ધા, નિષ્કામવ્રતની દૃઢતા અને
પવિત્રતા હોવા ખૂબ જ આવશ્યક છે.

ཉ૭

પ્રભુનું પરમસાધર્મ્યપણું પામેલા મુક્તમાં પ્રભુના
બધા દિવ્ય કલ્યાણકારી ગુણો સહજપણે હોય છે.

ཉ૭

એક મુક્તના પ્રાગટ્યનો ઉત્સવ ઉજવાય,
એટલે અનંત મુક્તોનો ઉજવાયો જાણવો. એવો ઉત્સવ
પરભાવમાં દિવ્ય સુખરૂપે સદાય ઉજવાય છે.

ཉ૭

એક રૂચિવાળા મુમુક્ષુ હરિભક્તો ભેગા થાય,
ત્યારે સામૂહિક ચેતનાના પ્રભાવથી વાતાવરણ
પ્રફુલ્લિત, આંનદમય, શાંતિદાયક ને દિવ્ય બને છે.

પૂર્ણ મુક્તદશામાં અજ્ઞાન નથી,
તેથી તેમાં કોઈ પ્રશ્નો પણ નથી.

ဢဎ

પ્રભુના અનુગ્રહથી અણુ જેવો અલ્પ જીવ પણ
આવરણો હટવાથી વિભુ થઇ શકે છે.
તે સર્વજ્ઞ, સર્વત્રવ્યાપી, શક્તિશાળી, સામર્થ્યવાન
અને ઐશ્વર્યવાન થઇ શકે છે.

ဢဎ

સાદું ભોજન જમે, પણ મનમાં સારું ભોજન જમવાની
વૃત્તિ જોર કરતી હોય તો નિઃસ્વાદી ન થઇ શકાય.

ဢဎ

પરભાવમાં પ્રભુએ સ્વામીભાવે પોતાનું દિવ્યસુખ
આપવું અને મુક્તોને સેવકભાવે પ્રભુનું દિવ્યસુખ
ભોગવવું એ જ પ્રક્રિયા છે.

# અમૃત રત્નો

મુમુક્ષુએ દર્શનસુખ અંદર અંતરમાં સમાવતાં શીખવું,
જેથી ત્વરિત આધ્યાત્મિક વિકાસ સધાય.

ꙮ

સુખ-દુઃખ, સફળતા-નિષ્ફળતા વગેરે દ્વંદ્વોમાંથી,
અનેક પ્રકારના સંઘર્ષમાંથી પસાર થઈ
પાત્રતા કેળવવા અસ્ખલિત પ્રયત્ન કર્યા કરવો,
એ નિષ્ઠાવાન સાધકનું કર્તવ્ય છે.

ꙮ

અનંત સાધનદશાવાળા ભક્તો ભેળા થઈને કાર્ય કરે,
તો પણ એક અનાદિમુક્ત જે કરી શકે
તેવું કાર્ય ક્યારેય ન કરી શકે.

ꙮ

પૂર્ણમુક્તને પ્રતિષ્ઠાનો રાગ બિલકુલ ન હોય તો પણ
પ્રભુ તેને ઘણી પ્રતિષ્ઠા અપાવે છે. તેને લઈને ઘણા
મુમુક્ષુઓ આકર્ષાઈને આવે અને
કલ્યાણને માર્ગે પ્રયાણ કરે.

સાધનનો ભાર રાખવાથી સાધકને તેનો અહંકાર આવે. તે અહંકાર અતિ સૂક્ષ્મ છે. તે અહંકારના આવરણમાં ફસાઈ ન જવાય તે માટે તેનો ભાર ન રાખવો.

ജര

મોટા પુરુષના જીવનમાંથી પ્રેરણા મળે, તેને જીવનમાં ઊતારી પાત્રતા કેળવવા પ્રયાસ કરે તે જ સાચા સાધકનું લક્ષણ છે.

ജര

મહાપ્રભુજીને જ કર્તા માનીને કાર્ય કરે તો તેની પ્રવૃત્તિ ભક્તિરૂપ બને. એવા કર્મયોગીના બધા કર્મો બળી જાય અને પાત્રતા આવવાથી મહારાજનો સાક્ષાત્કાર થઇ જાય.

ജര

સાધકે શ્રીજીમહારાજ અને તેમના પૂર્ણ મુક્ત સિવાય બીજે ક્યાંય પ્રતીતિ રાખવી નહીં.

દેહના અંત સુધી મુક્તમાં દિવ્યભાવ રહે તો
પ્રારબ્ધકર્મો ક્યાંય ઊડી જાય ને
પ્રભુના સુખની પ્રાપ્તિ થાય.

ഩ൫

પ્રારબ્ધકર્મો એટલે પૂર્વજન્મના સંચિતકર્મો જે પાકીને પ્રારબ્ધકર્મમાં પરિણમ્યા હોય, તેનાથી આ જન્મ મળેલો હોય છે. એ કર્મો મહદંશે ભોગવવા જ પડે.

ഩ൫

સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણથી પર થવું હોય
તો પાત્રતા કેળવવી પડે.

ഩ൫

મુક્તપુરુષના દ્રોહરૂપ પાપથી ક્યારેક ઝાડપાનનો, પશુ-પક્ષીનો અથવા પર્વતનો દેહ પણ આવે.

પંચવર્તમાનનું સૂક્ષ્મ અર્થમાં યથાર્થ પાલન થાય
ત્યારે ધીમે ધીમે પ્રભુના કલ્યાણકારી ગુણોનો
અવિર્ભાવ થઈ ને પ્રભુનું સુખ આવે.

ꕤ

આસક્તિ ટાળવી અતિ કઠણ છે,
છતાં મુક્તપુરુષ પાસેથી સાધક સત્યજ્ઞાન ગ્રહણ કરે
તો આસક્તિ ટળી જાય અને પ્રભુ સંબંધી
શાશ્વત સુખ મેળવવાના પ્રયત્નમાં લાગી જાય.

ꕤ

શ્રીહરિની આજ્ઞાઓ પાછળ આધ્યાત્મિક વિજ્ઞાનનું
રહસ્ય ચોક્કસ હોય જ, તેને યથાર્થ સમજવું પડે.

ꕤ

ત્રણ દેહના ભાવથી પર થઇ
પ્રભુના સ્વરૂપ સાથે સંલગ્ન થઇને પ્રાર્થના કરે
ત્યારે જ પ્રભુ તે પ્રાર્થના સ્વીકારે છે.

# અમૃત રત્નો

દરેક અનાદિમુક્તને પોતાની ગતિ-સામર્થી પ્રમાણે
સુખની અનુભૂતિ થાય છે, પણ
મહારાજના દિવ્યસુખનો પ્રકાર એક જ હોય છે.

ઈઈ

દુ:ખ અને આપત્તિને સહન કરી સહર્ષ ભોગવી લેવાથી
પૂર્વજન્મના કર્મોનું પ્રાયશ્ચિત્ત થઇ  ચૈતન્ય શુદ્ધ થાય છે.

ઈઈ

પૂર્ણ સિદ્ધ મુક્તદશામાં મુક્ત પોતાના ચૈતન્યને
શરીરથી અલગ અનુભવે છે અને
તેમ જુએ પણ છે. દેહની ક્રિયા તો પ્રભુ
અને તેમના સંકલ્પમાત્રથી ચાલતી હોય છે.

ઈઈ

શ્રીજીમહારાજે શિક્ષાપત્રી શ્લો.૧૨૦માં આચાર,
વ્યવહાર અને પ્રાયશ્ચિતને દેશ, કાળ, અવસ્થા, દ્રવ્ય,
જાતિ અને સામર્થ્યના સંદર્ભમાં ગણવાનું કહ્યું છે
માટે તેમાં વિવેક રાખવો આવશ્યક છે.

# અમૃત રત્નો

જપ અને ધ્યાનમાં નિમગ્ન રહેતા સાધકને પ્રભુનો સાક્ષાત્કાર થવાની પાત્રતા જલદી આવે છે.

જપ અને ધ્યાનમાં નિમગ્ન રહેતા સાધકને પ્રભુનો સાક્ષાત્કાર થવાની પાત્રતા જલદી આવે છે.

മറ്റ

મોટા સંત પાસે પોતાનું દેહાભિમાન અને વિદ્વતાનું માન મૂકી દઈ વિનમ્ર થઈને બેસવું જોઈએ, તો સત્ય જ્ઞાન ઉપલબ્ધ થાય.

മറ്റ

ઘણી વખત મુક્તની વાણી બરોબર ન સંભળાય કે ન સમજાય તો પણ તે સાંભળવાથી વાતાવરણ દિવ્ય બને છે. જેમ દીવો કે અગરબત્તી બોલ્યા વગર પ્રકાશ તથા સુગંધ પ્રસરાવે છે તેમ.

മറ്റ

મુક્તની અંગત સેવા પણ મહારાજની સેવા થાય છે એવા દિવ્યભાવ સાથે કરવી.

# અમૃત રત્નો

અનાદિમુક્તને ઓળખી તેમનો જોગ-સમાગમ કરી પાત્રતા કેળવીને પ્રભુનો સાક્ષાત્કાર કરવાને માર્ગે પ્રગતિ સાધવી તે જ નિષ્ઠાવાન મુમુક્ષુ સાધકનું કર્તવ્ય છે.

ജ്ഞ

મનુષ્યજન્મ તે કર્મભૂમિ છે અને બીજા બધા ધામો, તથા ચૈતન્ય ભૂમિકાઓ તે ભોગભૂમિ છે.

ജ്ഞ

મુક્તના સાંનિધ્યનું સુખ સમાવતાં શીખવું.

ജ്ഞ

મુક્તે છેલ્લા જન્મના આશીર્વાદ આપ્યા હોય તેમાં સંપૂર્ણ શ્રદ્ધા અને દૃઢ નિશ્ચય થઇ જાય, તો છેલ્લો જન્મ થયા વગર ન રહે અને દિવ્યસુખ પામી જાય.

શ્રી હરિની વ્યતિરેક દિવ્યમૂર્તિમાંથી નીકળતા પ્રણવનો
નાદ-ધ્વનિ પણ ‘સ્વામિનારાયણ’ નામનો નીકળે છે.

ꙮ

પ્રભુના દિવ્યસ્વરૂપનો સાક્ષાત્કાર કરવો છે,
તેમ મનમાં દૃઢ નિશ્ચય કરીને પ્રતિલોમપણે
ધ્યાનનો અભ્યાસ કરવો.

ꙮ

શાસ્ત્રોના અર્થ પણ અંતરવૃત્તિવાળાને જ
યથાર્થ સમજાય. બાહ્યવૃત્તિવાળા ગમે તેટલું વાંચે,
ભણે પણ તે ફક્ત પંડિત થઇ શકે,
પણ અનુભવજ્ઞાનવાળા ન થઇ શકે.

ꙮ

મુક્ત જેમ પ્રગટ બિરાજતા હોય અને કાર્ય થતું હોય,
તેવું જ કાર્ય તેમના સંકલ્પ દ્વારા પણ થાય છે.

# અમૃત રત્નો

જ્યાં સુધી મુમુક્ષુ જીવની શ્રદ્ધા દ્વારા મુક્તના સંકલ્પ
સાથે એકતા સધાય, ત્યાં સુધી તે સંકલ્પ કાર્ય કરે છે.

ꕥ

સાત્ત્વિક અહંકાર કે હું કાંઈક છું,
લોકો મને પણ મોટો જાણે છે,
તે પણ પ્રભુના સાક્ષાત્કારને માર્ગે અવરોધરૂપ છે.

ꕥ

મૂર્તિના ધ્યાનના અભ્યાસ વગર ઊર્ધ્વરેતા થવું
શક્ય નથી. ઊર્ધ્વરેતા થયા વગર
સાક્ષાત્કાર પામવાની પાત્રતા આવતી નથી.

ꕥ

મુક્તપુરુષ જ્યારે જીવને વર્તમાન ધરાવી,
સંકલ્પ કરીને સ્વામિનારાયણ ભગવાનની કંઠી પહેરાવે,
ત્યારે તે ઉત્તમ રક્ષાકવચ બની જાય છે.

અનાદિમુક્તને જીવોના ગમે તેવા ગુના
માફ કરવાની સ્વતંત્ર સત્તા હોય છે.

ꙮ

પ્રભુના સંકલ્પથી સ્વસિદ્ધ અનાદિમુક્ત પ્રગટ થશે
ત્યારે એ બાપાશ્રીએ પ્રબોધેલા શ્રીહરિના
સત્ય જ્ઞાનનો યથાર્થ રીતે પ્રચાર કરી,
બાપાશ્રીનો જય જયકાર કરાવશે એ નિશ્ચિત છે.

ꙮ

વિચાર્યા વગર શબ્દોને ફેંકી દેવાથી તે કોઈને
હિતકારી બનતા નથી અને શક્તિનો વ્યય  થાય છે.

ꙮ

પરભાવના સુખમાં ક્યારેય તૃપ્ત નથી થવાતું,
ક્યારેય કંટાળો નથી આવતો, પળે પળે
નિતનવીન સુખનો અનુભવ થયા કરે છે,
એવું એ પરભાવનું શાશ્વત સુખ છે.

# અમૃત રત્નો

અંતરવૃત્તિએ મૂર્તિ ધારીને
સાત્ત્વિકભાવે ઉપદેશ કરવો.

ꕥ

મુક્તો પોતે પણ સુખરૂપ હોય છે અને
ક્યારેક એકબીજાનું  સુખ પણ અનુભવે છે,
એમ સુખની અનંત પ્રકારની વિવિધતા છે.

ꕥ

યશ-કીર્તિની ઈચ્છાવાળા દેહાભિમાની જીવો
પંડિત હોવા છતાં પણ પ્રભુ અને મુક્તની સેવા કરીને
તેનું સુખ તથા આનંદ ભોગવી શકતા નથી.

ꕥ

પાત્રતા વગર સુખનો અનુભવ થાય તો એ
સુખમાં ટકી ન શકાય. યોગ્ય પાત્ર થયા પછી જ
તે સુખ જીરવી શકાય છે.

# અમૃત રત્નો

વિભૂતિ અવતારો એ પ્રભુના અન્વય સ્વરૂપના
અવતારો છે, જયારે અનાદિમુક્ત છે તે
પ્રભુના વ્યતિરેક સ્વરૂપના મુક્તાવતાર છે.

ꙮ

સાધકમાં જ્યાં સુધી માંગણી અથવા યાચનાનો
ભાવ છે, ત્યાં સુધી સકામભાવ છે અને તે
પાત્રતામાં અધૂરપ સૂચવે છે.

ꙮ

પોતાપણું માન્યા સિવાય શ્રીજીમહારાજ જ બધી
ક્રિયા કરે છે, એમ માની અખંડ ધ્યાન-ભજન કરવું.

ꙮ

નિર્માની-નિષ્કપટ થઈને શુદ્ધપણે વર્તીને
સાચા મુક્તનો જોગ-સમાગમ-સેવા કરે,
તો આ જન્મે જ પૂરું થઇ જાય.

ધર્માદાના પૈસામાંથી જો એક પૈસાનો પણ
દુરુપયોગ કરે, તો તે ભગવાનની આજ્ઞા લોપે છે
અને તેનું ફળ પતન તેમજ અધોગતિ છે.

ഇന്ദ

કોઈ વ્યક્તિ ખોટું કરતી હોય તો જાણપણું રાખવું
પણ તેને વિષે ક્રોધ તથા ઘૃણાના વિચારોનો ડંસ
મનમાં ન રહેવો જોઈએ.

ഇന്ദ

દરેક મુક્તને પ્રભુ સાથેનો પોતાનો સંબંધ અનોખો,
આગવો અને વિશિષ્ટ અનુભવાય છે.

ഇന്ദ

અનાદિમુક્તો દ્વારા બોલનારા મહારાજ પોતે છે,
માટે તેમાં સંપૂર્ણ વિશ્વાસ અને શ્રદ્ધા રાખે
તો પૂરું થઇ જ જાય.

મોટા મુક્તને વિષે નિર્દોષભાવ રાખી
નિર્વિકલ્પ રહેનારને પાત્રતા જલદી સિદ્ધ થાય છે.

ꕥ

મહારાજને જેટલું જણાવવું હોય,
એટલું જ મુક્તો જાણી શકે છે.
સર્વોપરી પરમાત્માની એ વિશિષ્ટતા છે.

ꕥ

પ્રભુએ આપણા માટે નિર્માણ કરેલી
કોઈ પણ પરિસ્થિતિનો સહર્ષ સ્વીકાર કરી,
આનંદથી પ્રભુનું ભજન કરવાથી
કામ-ક્રોધાદિક દોષો ઉપર વિજય મેળવી શકાય છે.

ꕥ

જ્યારે મુક્તનો દ્રોહ કર્યાનો ખરા ભાવથી પસ્તાવો થાય,
ત્યારે ચૈતન્ય શુદ્ધ થાય.

મુક્તને વિષે નિર્વિકલ્પપણું ને દિવ્યભાવ રાખવો
તે પ્રભુના સ્વરૂપનો સાક્ષાત્કાર કરવા માટે
અતિ અનિવાર્ય ગુણ છે.

ജ്ഞ

દુ:ખ ને મુશ્કેલીઓનો પ્રભુનું ને મુક્તનું બળ રાખીને
સામનો કરવો, એ જ સાચી સમજણ છે.

ജ്ഞ

મુક્ત મુમુક્ષુ જીવને પ્રભુને સોંપી દે પછી પ્રભુ તેનું
સર્વ પ્રકારે મંગળ કરી, તેની પતન થકી રક્ષા કરી
આધ્યાત્મિક ઉન્નતી સધાવે છે.

ജ്ഞ

પ્રતિમાની જગ્યાએ પ્રભુ સ્વયં છે એવો
દિવ્યભાવ દૃઢ થાય ત્યારે જ પ્રભુના સ્વરૂપ વિષે
દિવ્યભાવની પ્રતીતિ થાય છે.

અનંત અનાદિમુક્તો મૂર્તિરૂપ થઇ,
મૂર્તિમાં સળંગ રસબસભાવે નખથી શિખા પર્યંત
લીન રહી, મહારાજનું દિવ્યસુખ માણે છે.
તેઓ એકરૂપ થાય છે, પણ એક થઇ જતા નથી.

ꕤ

વ્યક્તિ બીજાના જ ગુણદોષ જોયા કરવાની
કુટેવને લીધે પોતાની જાતમાં સુધારો લાવી
પોતાની પ્રગતિ સાધી શકતી નથી.

ꕤ

પ્રભુ અને તેમના મુક્તોની દૃષ્ટિમાં ઊંચનીચનો ભેદ
હોતો નથી. તેમને માટે બધા ચૈતન્યો સરખા છે ને બધા
ચૈતન્યો ઉપર તેમની સરખી કરુણા વહે છે.

ꕤ

દરેક પ્રકારની સંકુચિતતા, ગ્રંથિઓ ને સંશયો
કાઢીને પ્રભુના સ્વરૂપમાં જે તે પ્રકારે જોડાવું
એ જ ખરી સાધના છે.

# અમૃત રત્નો

સિદ્ધ મુક્તદશા પામ્યા પછી સર્વજ્ઞતા આવે
એટલે જે વસ્તુનું જ્ઞાન થવાની મુક્ત ઇચ્છા કરે
કે તત્કાળ તે જ્ઞાન પ્રગટ થાય.

ꕥ

કોઈ પણ ધર્મમાં વ્યક્તિઓમાં રહેલા દોષો
અને ક્ષતિઓને લીધે તેમાં સડો કે ભ્રષ્ટાચાર જણાય,
તો તે ધર્મનો દોષ ન ગણાય, એ દોષ તો
તે વ્યક્તિ પરત્વે જ ગણાય.

ꕥ

મુશ્કેલીઓનો ઉપાય હોય, પણ રહસ્યોનો કોઈ ઉત્તર
કે ઉપાય ન હોય. એ તો અનુભવવું જ પડે.

ꕥ

અનાદિમુક્ત પ્રવૃત્તિ ઓછી કરતા હોય,
ફક્ત દર્શનીય હોય તો પણ અનંત જીવોના
આવરણો ટાળી આત્યંતિક કલ્યાણ કરે છે.

જ્યાં સુધી સાક્ષાત્કાર ન થાય, ત્યાં સુધી બધું
જોવા જાણવાની ઈચ્છા, ઐશ્વર્યો પામવાના રાગ
એ પ્રભુપ્રાપ્તિમાં વિઘ્નરૂપ બને છે.

અનાદિમુક્તની દિવ્યસ્થિતિ પ્રાપ્ત થયા પછી
તે મુક્તનો મૂર્તિમાં પ્રવેશ થાય છે.
મૂર્તિમાં મૂર્તિરૂપ થઇ સંપૂર્ણ એકતાની, પ્રેમાદ્વૈતની
અનુભૂતિ અને દિવ્યસુખની પ્રાપ્તિ થાય છે.

મુક્તપુરુષનો અહંકારે કરીને દ્રોહ થઇ જાય
તો જીવનો નાશ થઇ જાય.

જયારે કોઈ ખરેખરો પાત્ર થાય,
ત્યારે મુક્ત સાક્ષાત્કાર કરાવે, ત્યારે એ સુખમાં ટકે
અને અખંડ મૂર્તિનો આનંદ અને સુખ અનુભવે,
પણ પાત્રતા થયા વગર એવું શક્ય ન થાય.

મા-બાપ પ્રત્યેની સેવા બરોબર ન બજાવવાથી
તેમના નિસાસા લાગે તો સાધનામાં
પ્રગતિ અવરોધાય ને સફળતા ન મળે.

ꙮꙮ

પ્રભુના એક જ સ્વરૂપની દઢતા ન થવાથી કોઈ
પ્રાપ્તિ ન થાય ને આધ્યાત્મિક ઉત્કર્ષ પણ ન થાય.

ꙮꙮ

યથાર્થ બ્રહ્મચર્ય પાળવાથી કુંડલિની (ઓજસરૂપ
આધ્યાત્મિક શક્તિ) ઊર્ધ્વગામી થઇને
ચૈતન્યો ઉપરના આવરણો દૂર કરે છે.

ꙮꙮ

જો વિષયભોગના સંકલ્પ કર્યા કરે તો
ઘાટની મૂર્તિ બંધાય અને જે સંસ્કારો દબાયેલા હોય
તે ફરી પાછા ઉઠે અને બળવાન બને.
માટે વિષયભોગના સંકલ્પ ન કરવા.

પ્રભુ અને મુક્ત પોતાનો દિવ્ય પ્રતાપ, પ્રકાશ,
ઐશ્વર્ય વગેરે ઢાંકીને વર્તતા હોવાથી
સાદા મનુષ્ય જેવા જણાય છે.

ꕥ

સ્ત્રી-દ્રવ્યની આસક્તિનો ત્યાગ એ જ
આત્મોન્નતિનો પાયો છે, તે વગર મોક્ષ શક્ય નથી.

ꕥ

મૂર્તિ સિદ્ધ થાય તો જ બધા દોષ-આવરણ ટળે
અને પ્રભુના સાક્ષાત્કાર માટેની પાત્રતા થાય.

ꕥ

આવરણો પણ જડ માયિક શક્તિ છે.
તે બ્રહ્મચર્યપાલન, સાંખ્યવિચાર, અંતઃકરણની
નિર્મળતા તથા ધ્યાન-ભજનથી નાશ પામે છે.

# અમૃત રત્નો

જેમ જેમ જીવ પાત્ર થતો જાય અને
મુક્તનું જ્ઞાન પચાવતો જાય, તેમ તેમ મુક્ત તેને
વધારે ને વધારે ઊંડું જ્ઞાન પીરસે અને પૂર્ણ પાત્ર
બનાવી, સાક્ષાત્કાર કરાવીને મોક્ષ કરે.

અંતરવૃત્તિથી જ બધા પ્રશ્નોનો ઉકેલ અને
યથાર્થ જ્ઞાન મળે છે.

મુક્તના મંદવાડ વખતે મુક્તની સેવા કરનાર
ન્યાલ થઇ જાય છે, પરંતુ તે સેવા
નિર્વિકલ્પ રહીને કરવી અતિ આવશ્યક છે.

પ્રભુને જ્યારે કોઈ મુક્તને પ્રગટ કરવા હોય,
ત્યારે પોતાનો સંકલ્પ મુક્તમાં પ્રવેશ કરાવે છે
અને મુક્તનું પ્રાગટ્ય થાય છે.

નિરાકાર ચૈતન્યની પ્રભુની નિરાકાર ચૈતન્યપ્રકૃતિ
સાથે એકતા થાય, ત્યારે પ્રભુની કૃપાથી
ચૈતન્ય ધીરેધીરે દિવ્ય સાકારરૂપ ધારણ કરે છે.

ꕥ

મહારાજ અને મુક્તને સંભારી તેમને સહાય કરવા
પ્રાર્થના કરવી, એટલે તરત જ રજ-તમ ગુણ
શાંત થઇ સત્વગુણ પ્રગટે.

ꕥ

બ્રહ્મચર્ય એટલે બ્રહ્મમાં ચર્યા કરવી. અર્થાત્ મૂર્તિમાં
રસબસ લીન રહી સુખ ભોગવવું તેનું નામ બ્રહ્મચર્ય.
એ તેનો વિશાળ અને સૂક્ષ્મ આધ્યાત્મિક અર્થ છે.

ꕥ

આસક્તિવાળો પ્રેમ બંધનરૂપ થઇ બીજા
અનેક જન્મો થવાનું નિમિત્ત બને છે.

# અમૃત રત્નો

પ્રસન્નતાના સાધનો પણ મુક્તના વચનથી કરે,
તો તેનું ફળ પોતે પોતાની મેળે સાધન કરે
તે કરતાં અનેકગણું વિશેષ મળે છે.

ꙮ

દેહનો અનાદર કરવાનો નથી,
પરંતુ દેહભાવનો, દેહાત્મબુદ્ધિનો અનાદર કરવાનો,
અર્થાત્ આત્મભાવની દઢતા કરી દેહભાવથી રહિત
વર્તવાનો અભ્યાસ કર્યા કરવો.

ꙮ

મહારાજના સ્વરૂપનું ધ્યાન જ ધ્યાનને શીખવે છે.

ꙮ

બદલો મેળવવાની ભાવના સાથે કરેલી સેવાથી તો
જન્મો વધી જઈને મોક્ષમાં વિલંબ થઇ જાય છે.

સતત પ્રયત્નશીલ રહેતા એવા શ્રદ્ધાવાન, નિષ્ઠાવાન,
ને ધીરજવાન સાધકો ચોક્કસ પ્રભુની કૃપાનું પાત્ર થઇ
સાક્ષાત્કારની અનુભૂતિ પામે તે નિઃસંશય વાત છે.

ꕥ

આત્માને પુરુષોત્તમરૂપ માની દાસભાવે
પ્રતિલોમ વૃત્તિએ ધ્યાન કરવું.

ꕥ

અંતરવૃત્તિ તેમજ બાહ્યવૃત્તિએ મુક્તના
સમાગમ દ્વારા પ્રભુના સ્વરૂપમાં જોડાવાથી
બધા સાધન સિદ્ધ થઇ કૃતાર્થ થવાય છે.

ꕥ

જો કરેલા કર્મોનો પરિતાપ કરે, પશ્ચાત્તાપ થાય
અને તેનું પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધ થઇ ફરી એવી
ભૂલો ન કરે, તો પ્રભુ બધું માફ કરીને મોક્ષ કરે છે.

# અમૃત રત્નો

મુક્ત જીવોના અનંત જન્મ, કર્મસંસ્કારો ને આવરણોને
હસ્તામળ જોઈ જાણી શકે છે.

ꙮ

પ્રભુના સ્વરૂપના અખંડ ચિંતવનથી જયારે સાધકમાં
પ્રભુના કલ્યાણકારી ગુણો પ્રગટે, ત્યારે તેનાં દોષો,
સ્વભાવો, વાસનાઓ આપો આપ જ નષ્ટ થઇ જાય.

ꙮ

પોતાનો કોઈક સ્વાર્થ સિદ્ધ કરવા મુક્તના વચનોને
અતિશયોક્તિથી કે અલ્પોક્તિથી તોડી-મરોડીને બીજા
આગળ રજુ કરે તે પ્રભુ અને મુક્તને ન ગમે.

ꙮ

પ્રભુ તથા તેમના મુક્ત પાસે અંતઃકરણ
ખુલ્લું કરી નિષ્કપટ, નિર્દંભ, નિર્માની થઇ જાય,
તો તેની ઉપર શ્રીહરિજી રાજી થઇ
તેના બધા દોષો-આવરણો ટાળી નાંખે છે.

અંતરવૃત્તિના અભ્યાસથી જ તેની મહત્તા
વાસ્તવિકરૂપે સમજી શકાય છે.

ജ്ഞ

સંધ્યા ટાણે મંદિર પ્રત્યે જવું એનો અર્થ એ છે કે મનને
શુદ્ધ, સાત્ત્વિક વિચારથી નિર્મળ બનાવી, નિર્વિકલ્પ થઇ,
અંતરવૃત્તિએ પ્રભુના સ્વરૂપના દર્શન કરવા.

ജ്ഞ

મુક્ત બોલતા હોય ત્યારે વચ્ચે પોતાનું ડહાપણ ન
ડોળવું અને તેમના વેણ ઉપર વેણ ન લાવવું.

ജ്ഞ

પુરુષપ્રયત્ને કરીને તામસ, રાજસ અને સાત્ત્વિક
ત્રણે અહંકાર ટળી જાય ત્યારે જ
પ્રભુનો સાક્ષાત્કાર થાય અને નિર્ગુણ થવાય.

# અમૃત રત્નો

મુક્તમાં આપોપું કરવું એટલે મુક્તની અનુવૃત્તિમાં વર્તવું
અને તેમની આજ્ઞા યથાર્થ પાળવી તે જ આપોપું છે.

ﷺ

પ્રભુ અથવા મુક્તની સેવામાં રહેલા સેવકને
સદાય દિવ્યભાવ રહે તો બધા સાધનનો
અંત આવી જાય, કાંઈ કરવું બાકી ન રહે.

ﷺ

જ્યાં અપવિત્રતા હોય ત્યાં જ અશુભ તત્ત્વો
ટકી શકે છે, પણ જ્યાં પવિત્રતા હોય,
ત્યાં તેઓ ટકી શકતાં નથી.

ﷺ

ઐશ્વર્ય, સામર્થ્ય, યશ, કીર્તિ, પ્રસિદ્ધિના સૂક્ષ્મ રાગ જાય
ત્યારે સમજવું કે દેહભાવ ઘટી રહ્યો છે.

# અમૃત રત્નો

પ્રભુના સ્વરૂપને તથા તેમના દિવ્યસુખને
પામવાની ત્વરા અને ખરો ખપ થાય
ત્યારે મોટા પુરુષ સત્ય જ્ઞાન કરાવે.

કોઈપણ પ્રાપ્તિ માટે દાખડો કે પુરુષાર્થની
આવશ્યકતા છે, તો જ તેની પ્રાપ્તિ શક્ય બને
એવો મહારાજ ને મુક્તનો સિદ્ધાંત છે.

મુક્તદશાને પામેલો મુમુક્ષુ જીવ તેમને પોતાને મળેલા
મુક્તનું સુખ અને મહારાજનું સુખ એક સાથે મૂર્તિમાં
રસબસભાવે ભેળા રહીને ભોગવે છે.

યશ-કીર્તિ, માન-મોટપ, ઐશ્વર્ય વગેરેનો મોહ
જ્યાં સુધી ન જાય, ત્યાં સુધી પાત્રતા થતી નથી.

# અમૃત રત્નો

વિવિધ પ્રકારની અનેક સંસૃતિથી થાકેલા જીવોને
આરામ આપવા જ પ્રભુ પ્રલયરૂપ લીલા કરે છે.

ဢဆ

પૂર્ણપુરુષોત્તમરૂપ થઇ તે પૂર્ણપુરુષોત્તમના સ્વરૂપમાં
લીન રહે ત્યારે જીવની ઉત્ક્રાંતિનો અંત આવે છે.

ဢဆ

કેટલાક જીવો આશીર્વાદ મળવા છતાં પણ
આશીર્વાદમાં અશ્રદ્ધાને લીધે દેહ મૂક્યા પછી
સૂક્ષ્મશરીરમાં રહે છે. તેઓ જો પાત્ર થાય તો ફરી
જન્મ ધરાવ્યા વગર સૂક્ષ્મશરીરમાંથી સીધા જ પ્રભુના
સુખમાં મૂકી શકે એવું મુક્તનું સામર્થ્ય હોય છે.

ဢဆ

ચૈતન્યને પ્રભુ સાથે એકતા સાધવામાં શ્રદ્ધા
ઉત્તમ માધ્યમ છે. સાક્ષાત્કાર થવાની પાત્રતા પણ
શ્રદ્ધા દ્વારા જ સંભવે છે.

કોઈની પાસેથી કોઈ પદાર્થ, ધન વગેરે મફત મેળવવાની
ઈચ્છા કે લાલચ પતનને માર્ગે લઇ જાય છે.

ꕥ

ધૂનનું યથાર્થ ફળ તો ત્યારે જ મળે
કે જ્યારે પ્રભુની મૂર્તિ સાથે એકરૂપ થઇ માનસ
ધૂન થાય, સંકલ્પ રહિત રોમેરોમ ધૂન થાય.

ꕥ

ધ્યાન કરતાં પહેલાં સદ્‌ગુરુ એવા અનાદિમુક્તને
અતિ દિવ્યભાવથી સંભારી, કોઈ પણ પ્રકારના
વિઘ્નો-વિક્ષેપો ન નડે અને યથાર્થ માર્ગદર્શન મળે
તે માટે પ્રાર્થના કરવી.

ꕥ

ભક્તના કારણશરીરની વાસના ટાળવા
ભગવાન ક્યારેક તેને મોટો મંદવાડ ભોગવાવે છે.
તેને બીજા જીવ પાપી સમજે તો તેને દોષ લાગે છે
ને તેનું ફળ પણ ભોગવવું પડે છે.

કારણશરીરથી પણ મહાકારણ જે
ઈશ્વરકોટિથી લઇ મૂળઅક્ષરકોટિ પર્યંતના
ઐશ્વર્યના રાગ છે તે અતિ સૂક્ષ્મ છે.

જે મુમુક્ષુને પોતાનો સ્વભાવ જીતવાની
તીવ્ર ઈચ્છા હોય અને એ દિશામાં પુરુષપ્રયત્ન
કરતો હોય, તેની ઉપર જ ભગવાન અને મુક્તની
કૃપા થાય અને તે સ્વભાવ જીતી શકે.

પ્રભુ તથા તેમના સિદ્ધમુક્તને વિષે
મનુષ્યભાવ તથા દોષબુદ્ધિ આવે તો
મોક્ષમાર્ગમાં વિઘ્નો થાય. અને દોષબુદ્ધિની
આંટી બંધાઈ જાય તો પતન પણ થઇ જાય.

જેને અનાદિમુક્તની સ્થિતિ પ્રાપ્ત કરવી હોય,
તેમણે તો ઐશ્વર્યને જોવા પામવાની ઇચ્છા જ ન કરવી.
એ માર્ગ જ બંધ રાખવો.

જે દેહમાં સાક્ષાત્કાર થયો હોય
તે દેહમાં રહેલો ચૈતન્ય બીજા જીવોનો મોક્ષ જેવો
અનાદિમુક્ત કરી શકે, તેવો કરી શકતો નથી.

જીવને દેહ મૂક્યા પછી તે કઈ સ્થિતિમાં છે,
તેની સુખ ભોગવવાની કેવી ગતિ છે,
તે બધું જ મુક્ત જાણી શકે છે.

પ્રાર્થનાથી સહનશક્તિનો વિકાસ થાય, પ્રભુ ને સંત
પ્રત્યે દાસભાવની અને શ્રદ્ધાની દૃઢતા થાય, માનસિક
શાંતિ, નિર્મળતા અને નિર્ભયતા પણ પ્રાપ્ત થાય.

જ્યાં સુધી પ્રશ્નો છે, ત્યાં સુધી અજ્ઞાન પણ છે.

ॐ

પ્રભુનું ધ્યાન-ભજન કરવું અને મૂર્તિના
અનુસંધાને સહિત બીજા મુમુક્ષુ જીવોને
પ્રભુના સ્વરૂપનું જ્ઞાન કરાવી ધ્યાન-ભજન કરાવવું
એ પ્રવૃત્તિ નહીં, પણ નિવૃત્તિ જ ગણાય.

ॐ

સાધકે સત્પુરુષને વિષે દોષો કે મનુષ્યભાવના
સંકલ્પ ન થઇ જાય તેની સતત જાગૃતિ રાખવી
અનિવાર્ય બની રહે છે.

ॐ

પરભાવમાં દુ:ખ જેવું કંઈ છે જ નહિ.
એ તો અવરભાવમાં મનની ગ્રંથિઓ તથા
દેહાત્મબુદ્ધિને લીધે દુ:ખનો અનુભવ થાય છે.

મુક્ત તો દરેક જીવ ઉપર કેવળ કૃપા વરસાવી
પોતાની કૃપાદષ્ટિમાં આવેલા ચૈતન્યનો ઉત્કર્ષ જ કરે છે,
પણ તેનું પતન થવા દેતા નથી.

ᔓᔕ

કોઈ અશુદ્ધ-અપવિત્ર વ્યક્તિ અશુદ્ધપણે
બીજાને પ્રસાદ આપે, તો તેના સ્પર્શથી તે પ્રસાદમાંથી
પણ દિવ્યતા ને પવિત્રતા ઘટી જાય છે.

ᔓᔕ

આત્માની કોઈ નાત-જાત નથી, પરંતુ વર્ણાશ્રમના
ગુણો કેળવવાથી આધ્યાત્મિક માર્ગે પ્રગતિ સાધવામાં
તે સહાયક બને છે.

ᔓᔕ

જો આજ્ઞા પ્રમાણે ન વર્તીને મુક્તનો વિશ્વાસઘાત કરે,
તો એવા જીવ ઉપર પ્રભુની પ્રસન્નતા ન ઊતરે,
તેથી પ્રભુનું સુખ પણ ન આવે.

# અમૃત રત્નો

સાધક મહારાજ તથા મુક્તના કલ્યાણકારી ગુણો
પોતાના જીવનમાં આત્મસાત્ કરવા પ્રયાસ કરે,
તો મોક્ષને માર્ગે પ્રગતિ સાધી શકે.

ક્ષ્ૐ

દેહના અંત સમયે ઘણાક જીવોને પ્રાયશ્ચિત્તરૂપે મંદવાડ
આપી, ચૈતન્યને શુદ્ધ કરીને પ્રભુ પોતાના સુખમાં લઇ
જાય છે. એ પણ તેમની મહદ્ કૃપા જ છે.

ક્ષ્ૐ

સ્વરૂપનિષ્ઠાના અંચળા હેઠળ પાપ કર્મો કર્યે જવા
અને બનાવટી કેફથી તેનો ઢાંક પીછોડો કરવો,
એવા દંભીથી પ્રભુ હંમેશાં વેગળા રહે છે.

ક્ષ્ૐ

એક વાર પ્રારબ્ધકર્મ બંધાઈ ગયા પછી એનું વળગણ
એટલું બધું વજ્ર જેવું સંગીન હોય છે કે જીવોને તેનું ફળ
ભોગવાવીને જ તે કર્મો શાંત થાય છે.

# અમૃત રત્નો

પોતાને પ્રાપ્ત થયેલા પ્રભુના ગુણો, શક્તિઓ,
સુખ વગેરે પોતાના ન માનવા, પણ પ્રભુના માનવા
અને પોતાના ગુરુની કૃપાથી તે મળેલા છે
તેમ તેમનો ઉપકાર માન્યા કરવો.

ઇન્દ્રિયો-અંતઃકરણના અનુભવમાં જે કંઈ આવે છે
તે બધું મિથ્યા છે, ભ્રાંતિ છે.

મુક્તને વિષે દિવ્યભાવ અખંડ રહે તો બીજા દોષો,
વિકારો, ને આવરણો દૂર થતા જાય,
નહિતર કારણશરીરના રાગને લઈને
જન્મ-મરણના ફેરા ચાલુ જ રહે.

જ્યાં સુધી બાધિતાનુવૃત્તિ રહે, ત્યાં સુધી
સુખનો અનુભવ થતો નથી.

# અમૃત રત્નો

પાત્રતા વગર કોઈ સિદ્ધિ મળવી શક્ય નથી.
મુમુક્ષુ સાધકની ઉપર મુક્તનો રાજીપો હોય
તો પણ પાત્રતા વગર મુક્ત તેને
પ્રભુના સ્વરૂપનો સાક્ષાત્કાર નથી કરાવતા.

અંતરવૃત્તિએ પ્રતિલોમપણે મૂર્તિરૂપ થઇ
મૂર્તિ ધાર્યા વગર આત્યંતિક પ્રાપ્તિ થતી નથી.

અનાદિમુક્ત અનેક જાતના મનુષ્યભાવ પ્રદર્શિત કરે
તે બધા ભાવો દિવ્ય જ હોય છે. મુક્ત તેવા ભાવો
ક્યારેક સાધકની કસોટી કરવા પણ જણાવતા હોય છે.

જે મનુષ્યોને ધર્માદાનું ધન-ધાન ચોરવાની કે પચાવી
પાડવાની આદત હોય, તેમને ઘણા જન્મ ધરવા પડે
અને કર્મનું ફળ પણ ભોગવવું પડે.

શુદ્ધિ અને અશુદ્ધિ બંને ભેગા હોય ત્યાં સુધી સંપૂર્ણ નિર્મળ એવા પ્રભુનો સાક્ષાત્કાર થઈ ન શકે.

ഇയ

પ્રભુ તથા તેમના અનાદિમુક્તનાં ચરિત્રોમાં સંકલ્પ રહિત થઇ હંમેશાં દિવ્યભાવ રાખવો, જેથી પ્રભુ સંબંધી દિવ્ય સુખની પ્રાપ્તિ વિના વિલંબે થાય.

ഇയ

પૂર્ણ મુક્તદશામાં બધું જ પૂર્ણ હોય છે.
જેટલું પ્રભુ કરે તેટલું મુક્ત કરી શકે.

ഇയ

સંકલ્પ કે તર્ક થતા હોય, તેને સમજણપૂર્વક સમાવે નહીં અને તેની આંટી બાંધે તે પામર અને આસુરી જીવ કહેવાય.

# અમૃત રત્નો

જે મુમુક્ષુજીવ મુક્તને વિષે દિવ્યભાવ રાખે
તેની બુદ્ધિ સૂક્ષ્મ અને પરિશુદ્ધ થતી જાય.

ꕥ

દરેક મુક્તનું સુખ પણ વિવિધતાવાળું હોય છે. જેમ
મુક્તનું સામર્થ્ય વિશેષ, તેમ તેમનું સુખ પણ વિશેષ.

ꕥ

ચૈતન્યને વિષે ભગવાન સ્વામિનારાયણ સિવાય
બીજું કોઈ જ સ્વરૂપ પધરાવી ન શકાય.

ꕥ

ચૈતન્યની સુષુપ્તશક્તિ જાગૃત થઇ,
ચૈતન્ય બળવાન બની, દોષોનો સામનો કરી
પ્રગતિ સાધી પૂર્ણતાને પામે છે.

સોળે-બોળેનો સૂક્ષ્મ આધ્યાત્મિક અર્થ એ છે
કે શ્રીજીમહારાજની મૂર્તિમાં સમગ્રપણે
અખંડ જોડાઈ રહેવું તે સોળે કહેવાય
અને મૂર્તિમાંથી વૃત્તિ ઉખડી મૂર્તિ સિવાયના
બીજા કોઈપણ વિષયમાં ચોંટે તો એટલી
મલિનતા થઇ કહેવાય, તેથી તે બોળે કહેવાય.

મુક્તનું લક્ષ જીવોના આત્યંતિક મોક્ષ
કરવાનું જ હોય છે.

ગૃહસ્થ હરિભક્તોએ પોતાના કુટુંબીજન
પ્રત્યે ફરજ બરોબર બજાવવી,
પરંતુ સમજણ કેળવી આંતરિક રીતે
નિરાસક્ત રહેવું, નહિતર બંધન થાય.

# અમૃત રત્નો

પોતાનો સ્વાર્થ સાધવા કે પછી બીજા
સાધનસ્થિતિવાળા કે ઐશ્વર્યાર્થીઓને જાળવવામાં
મોટા મુક્તની ઉપેક્ષા કરવી તે અપરાધ છે.

ꕥ

સાક્ષાત્કાર કરી સિદ્ધદશાને પામ્યા હોય,
તેમના જીવનમાંથી સાધકને જરૂર પ્રેરણા મળે.

ꕥ

અનાદિમુક્ત મુમુક્ષુને વર્તમાન ધરાવે
ત્યારે પોતાના બળવાન સંકલ્પથી પૂર્વના
અનંત જન્મોના કર્મસંસ્કારોને બાળી નાંખે
અને તેના ચૈતન્યને મૂર્તિમાં આકર્ષણ કરીને રાખે.

ꕥ

મૌન એ માનસ તપ છે. મૌન એટલે મૂર્તિનું
મનન-ચિંતન-નિદિધ્યાસ એ મૌનનો
સૂક્ષ્મ આધ્યાત્મિક અર્થ છે.

આજ્ઞા-ઉપાસનાથી જ મહારાજ અને મુક્તની પ્રસન્નતા થાય અને પ્રભુપ્રાપ્તિ સરળ બને.

ꕥ

જ્યાં સુધી સાક્ષાત્કાર થઇ સિદ્ધ મુક્તદશાની પ્રાપ્તિ ન થઇ હોય, ત્યાં સુધી પ્રભુપ્રસન્નતાના સાધનોની આવશ્કયતા રહે.

ꕥ

પૂર્ણ સ્વરૂપ સાથે એકરૂપ થઇ પૂર્ણ થવાની સાધના અખંડ કર્યા કરવી એ જ સાચી ગુરુપૂર્ણિમા.

ꕥ

અનાદિમુક્ત એવા મુમુક્ષુને જ પોતાની અંગત સેવામાં રાખે છે કે જે નિર્વિકલ્પ અને નિ:સંશય હોય.

શરીર તો પ્રભુએ પોતાની પ્રાપ્તિ જીવોને થઇ શકે એટલા માટે આપેલું ઉત્તમ સાધન માત્ર છે.

ꕥ

નિર્મળ બન્યા સિવાય પાત્રતા આવતી નથી અને પાત્ર થયા વગર કોટી જન્મે પણ કલ્યાણ થતું નથી.

ꕥ

સેવા-પરિચર્યા કર્યા વગર કર્મોનો ક્ષય થતો નથી અને જન્મ-મરણનું ચક્ર બંધ થતું નથી.

ꕥ

હાથ જોડીને યાંત્રિક રીતે જ ધ્યાન કર્યા કરે તો દોષો જાય નહીં ને સાક્ષાત્કાર પણ થાય નહીં.

ꕥ

પશ્ચાત્તાપ જેવું કોઈ પ્રાયશ્ચિત્ત નથી. પસ્તાવો કરવાથી પાપ ધોવાય અને અંતઃકરણ નિર્મળ બને.

બાહ્યવૃત્તિએ કરીને મહારાજ કે મુક્ત પાસે સદાય રહે તો પણ કોરો ને કોરો રહે, કોઈ પ્રાપ્તિ ન થાય. પણ જો અંતરવૃત્તિએ કરીને અખંડ જોગ રાખે તો લાખ્ખો ગાઉ દૂર હોય તો પણ મહારાજ ને મુક્ત સદાય ભેળા જ છે.

મોટા ભાગના જીવો ઠોકરો ખાવાથી અને અનુભવથી જ સમજે પછી વૈરાગ્ય ઉત્પન્ન થાય.

જ્યાં સુધી એક પણ દોષ બાકી હોય, ત્યાં સુધી પ્રભુના કલ્યાણકારી ગુણોનો આવિર્ભાવ થતો નથી.

પ્રતિમાસ્વરૂપે રહેલા પ્રભુ શારીરિક અને માનસિક અશુદ્ધિ સાથે અપવિત્રપણે તૈયાર કરેલું ભોજન સ્વીકારતા નથી.

# અમૃત રત્નો

અનાદિમુક્તની દષ્ટિથી, સ્પર્શથી જીવોના
અનંત આવરણો નાશ પામે છે અને
અનેક જન્મો કપાઈ જાય છે.

અંતરવૃત્તિએ અંતરમાં મૌન પ્રાર્થનાથી
મહારાજ અને મુક્ત રાજી થાય છે અને તેમને
આપણાથી કોઈ અડચણ પણ થતી નથી.

કેવળ કૃપાના કેફે તથા આશીર્વચનની ઓથ લઈને
ધર્મમાં, ચારિત્ર્યમાં, નીતિમાં શિથિલપણે વર્તે તો તેને
પ્રભુપ્રાપ્તિમાં વિલંબ થઇ જાય.

સ્થિતિ બંધાયા પછી પ્રભુના સ્વરૂપમાં જોડાવા માટે
કેવી રીતે આગળ વધવું તેનો સ્વયં રીતે માર્ગ
પ્રભુકૃપાથી હાથ આવે છે.

અંતરવૃત્તિ કરી મૂર્તિ સિદ્ધ કર્યા પછી જે કંઈ કાર્ય કરે,
તેમાં પરમાત્મા ભળે એટલે કાર્ય સર્વોત્તમ થાય.

ઙ્ગ

સાધકે અંતરવૃત્તિ કરી પોતાનું મન જે રીતે પ્રભુમાં
સ્થિર થાય તે શોધી તે પ્રમાણે ધ્યાન-ભજન-ભક્તિ
વગેરે કરવાં જોઈએ.

ઙ્ગ

જેમ ઔષધમાં રોગ કાઢવાની શક્તિ છે,
તેમજ પ્રજનન ઊર્જાનું ઓજસમાં રૂપાંતર થયું હોય
તેમાં ચૈતન્ય ઉપરના આવરણો ટાળવાની અલૌકિક
આધ્યાત્મિક શક્તિ રહેલી છે.

ઙ્ગ

યશ, કીર્તિ, પ્રસિદ્ધિના રાગ અથવા દંભ તે સર્વે સમય
આવ્યે ઓળખાય છે. ત્યાં સુધી તે દબાયેલા રહે છે.

માફ કરી ન શકાય તેવા કર્મફળો ભગવાન હરિભક્તને ભોગવાવે છે, નહીં તો અનંત જન્મે પણ છૂટકારો ન થાય.

ฺ

નરક આદિ સ્થાનો સત્ય છે, તે કાંઈ અસત્ય નથી. પાપી જીવોને મૃત્યુ પછી સૂક્ષ્મ દેહે તેના દંડ ભોગવવા પડે છે.

ચિત્તની વૃત્તિઓનો પૂર્ણ રીતે નિરોધ-લય અસંપ્રજ્ઞાત નામની સમાધિ અવસ્થામાં થાય છે.

ઉપશમ અવસ્થા આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર કરવા માટેની પૂર્વભૂમિકા છે.

જેમના દ્વારા આશીર્વાદ મળ્યા હોય એવા અનાદિમુક્ત મહારાજ અને જીવની વચ્ચે રહેલો માયાના આવરણનો પડદો દૂર કરી ચૈતન્યનો મૂર્તિમાં પ્રવેશ કરાવે છે.

ℌℜ

સૂક્ષ્મસૃષ્ટિમાં અનેક પ્રકારની ભૂમિકાઓ છે. સ્થૂળદેહ છૂટ્યા પછી જીવના કર્મ પ્રમાણે જે તે ભૂમિકામાં પ્રવેશ થાય છે.

ℌℜ

અનંત જન્મ સુધી જપ-તપ, દાખડા-સાધન કરે, પણ ભગવાન અથવા તેમના અનાદિમુક્તની કૃપા ન ઊતરે ત્યાં સુધી છેલ્લો જન્મ થઇ આત્યંતિક મોક્ષ ન થાય.

ℌℜ

અહંકારનું  આવરણ તો સૌથી સૂક્ષ્મ છે અને તે મહાકારણશરીરમાં રહેલું છે.

ઈશ્વરકોટિ, બ્રહ્મકોટિ, મૂળઅક્ષરકોટિને પોતાના દિવ્યસ્વરૂપનું જ્ઞાન તથા ઉપાસના કરાવી આત્યંતિક કલ્યાણ આપવા શ્રીજીમહારાજ તેમની સાકાર ચેતનાને નિરાકાર કરીને સત્સંગમાં જન્મ ધરાવે છે.

ꙮꙮ

સર્વોપરી પરમાત્મા સ્વામિનારારાયણ ભગવાનના દિવ્ય સ્વરૂપનો સાક્ષાત્કાર થાય તે જ પૂર્ણ મુક્ત થઇ શકે છે, આ સંપૂર્ણ સત્ય છે.

ꙮꙮ

પ્રભુ અથવા તેમના મુક્ત મનુષ્યરૂપે પ્રગટ ન હોય ત્યારે જીવકોટિ, દેવકોટિ કે ઈશ્વરકોટિ કોઈ પણ પ્રભુના દિવ્યદર્શન કરી શકતા નથી.

ꙮꙮ

પુરુષપ્રયત્ન વગર આશીર્વાદ ઝીલી શકાતા નથી.

# અમૃત રત્નો

પ્રભુની અને મુક્તોની પરભાવની વાણી અલૌકિક, દિવ્ય નાદાત્મક હોય છે. એ નાદબ્રહ્મ-ધ્વનિ વીણાના ધ્વનિ જેવો, સિતાર કે વેણુના મધુર ધ્વનિ જેવો આહ્‌લાદક હોય છે.

ॐ

પ્રભુના વિવિધ નામો પ્રભુના આવિર્ભાવ પામેલા અવતારોને આપવામાં આવ્યા છે.

ॐ

અવતારો પૂર્ણ નથી. સર્વોપરી પરમતત્ત્વ પરમાત્મા એક જ, અદ્વિતીય અને પૂર્ણ છે.

ॐ

જ્યારે આંતરિક રીતે આધ્યાત્મિક પ્રગતિ થાય, ત્યારે બાહ્ય આનંદની આવશ્યકતા રહેતી નથી.

પ્રભુ સાથેના કેટલાક ગુણો સાથેનું સામ્યપણું એને જ અંશભાવ કહેવામાં આવે છે, પરંતુ તે પ્રભુના ટુકડારૂપી, વિભાગરૂપી અંશ નથી.

ЖОЖ

વૃત્તિ સૂક્ષ્મ હોવા છતાં ભૌતિક અને જડ છે. તેના કરતાં ચૈતન્ય અનેક ગણો સૂક્ષ્મ, નિર્ગુણ અને દિવ્ય છે.

ЖОЖ

મુમુક્ષુ સાધકે પ્રભુ સિવાય બીજે બધેથી વાસના-આસક્તિ ટાળી, ચૈતન્યમાં પ્રભુનું સ્વરૂપ પધરાવવાનો અભ્યાસ કર્યા કરવો.

ЖОЖ

પાપી લોકોને લીધે તીર્થોમાં અશુદ્ધિ ને અપવિત્રતા પ્રસરે છે, તેથી તેની પવિત્રતા ને દિવ્યતા ઘટી જાય છે.

મુક્તો હેતુપૂર્વક તીર્થયાત્રા કરીને પોતાના દિવ્યસંકલ્પ અને વિચરણથી તીર્થોને સજીવન કરે છે.

ꕥ

અનાદિમુક્ત પૃથ્વી ઉપર મનુષ્યરૂપે પ્રગટ થાય ત્યારે વિશ્વના દરેક જીવોના પાપ-પુણ્ય  કર્મોનું સંતુલન રાખવાની સત્તા તેઓ ધરાવે છે.

ꕥ

પ્રયત્ન ન કરવો અને વારે વારે આશીર્વાદ માંગવા તે મુક્તના વચનમાં અશ્રદ્ધા કે અલ્પ શ્રદ્ધા દર્શાવે છે.

ꕥ

મુક્તને બે દેહ હોય છે. તેમાં મનુષ્યરૂપે દેખાતો દેહ તથા દિવ્ય સંકલ્પનો દેહ, તેથી મુક્તને દો દેહી કહેવાય છે.

શ્રીજીમહારાજને જે મુક્ત દ્વારા જીવોના કલ્યાણનું કાર્ય તથા અનેક જીવોને સમાસ કરવા માટેનું કાર્ય કરવાનું હોય તે મુક્તના દેહની સંભાળ પ્રભુ પોતે લે છે.

ഇ൫

જેમ મુક્તોને સૌથી વહાલા પ્રભુ છે, તેમ પ્રભુને પણ સૌથી વહાલા તેમના અનાદિમુકતો છે.

ഇ൫

કોઈ ભક્ત જયારે પ્રભુની પ્રતિમાને પ્રાર્થના કરે, ત્યારે પૃથ્વી ઉપર રહેલા મુક્ત સર્વવ્યાપી હોવાથી તેઓ જ પ્રાર્થના ગ્રહણ કરીને પ્રભુને પહોંચાડે છે.

ഇ൫

મુક્ત સ્વતંત્રપણે વિચારીને કાર્યની ગોઠવણ-આયોજન સંજોગો, પરિસ્થિતિ અને દેશકાળ પ્રમાણે કરી શકે છે.

મુક્ત તો નિર્ગુણ, ગુણાતીત ને દિવ્ય હોવાથી
તેમને વિષે કલ્પેલા દોષ તે જીવને પોતાને જ
પાછા આવીને વળગે છે.

ꕥ

મહારાજ અને મુક્તની દ્રષ્ટિમાં કે સ્પર્શ-સંસર્ગમાં
જે કોઈ પદાર્થ આવે તે દિવ્ય સુખરૂપ થઇ જાય છે.

ꕥ

પ્રભુ કે પૂર્ણ મુક્ત જયારે કોઈ વસ્તુનો
ઉપયોગ કરે, ત્યારે તે વસ્તુના નિર્માણ પાછળ જેણે
જેણે પરિશ્રમ કર્યો હોય તે બધાના
ચૈતન્યને આધ્યાત્મિક લાભ મળે છે.

ꕥ

પ્રભુ તથા મુક્તને ગદગદ કંઠે પ્રાર્થના કરે અને
ક્ષમા યાચના કરે, તો મોક્ષમાર્ગમાં વાંધો ન આવે.

મુક્તના સોંપેલા કામમાં સાધક બહાનું બતાવે
અને દીર્ઘસૂત્રતા કરે, તો મુક્ત તેવા સેવકની
સેવા ગ્રહણ કરતા નથી.

છાબ

કોઈ પણ બાબત સિદ્ધ કરવી હોય તો
પુરુષપ્રયત્ન અનિવાર્ય છે.

છાબ

જ્યારે પ્રભુને પામવાની અતિ તત્પરતા જાગે
અને તાલાવેલી થાય, અકળામણ થાય,
ત્યારે જ પ્રભુના દિવ્ય દર્શન થાય.

છાબ

પૂર્ણ પાત્ર થવાથી સત્પુરુષની કૃપાએ
પ્રભુનો સાક્ષાત્કાર થાય છે.

રાગ અને દ્વેષ ઉપર વિજય મેળવ્યા વગર
કદીયે સાચા સુખ-શાંતિ પ્રાપ્ત થતાં નથી.

ജിരു

સાચા સંત સાધકને તેની સાધનામાં બળ, શૌર્ય, ધૈર્ય
ને સાહસ પ્રેરી સહાય તેમજ રક્ષા કરે છે.

ജിരു

કૃપાથી બધું કાર્ય સરે છે, કૃપા બહુ મોટી શક્તિ છે.

ജിരു

પૂર્ણ મુક્તની સેવા દ્વારા મુમુક્ષુનો
આધ્યાત્મિક વિકાસ સધાય છે.

ജിരു

અહંકાર ઘણો સૂક્ષ્મ હોઈ અધૂરી સ્થિતિમાં
પતન કરાવી દે.

# અમૃત રત્નો

રાગ-આસક્તિ જેટલા જલદી ઓછા થાય,
તેટલી જલદી મોક્ષ માર્ગે પ્રગતિ સાધી શકાય.

ꕥ

દિવ્ય વસ્તુને કોઈ આવરણ છે જ નહીં.
એનું નામ જ દિવ્ય.

ꕥ

પ્રભુ અને મુક્તની કૃપા દ્વારા આવરણો હટે
ત્યારે દિવ્ય પ્રકાશ થાય છે.

ꕥ

પ્રતિષ્ઠાના રાગ ખૂબ સૂક્ષ્મ છે,
માટે તેને પ્રયત્નપૂર્વક ટાળવા.

ꕥ

સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી અંતઃકરણનું
શુદ્ધિકરણ અને અશુદ્ધિકરણ ચાલ્યા કરે છે.

દેહ ભૂલાય ત્યારે જ દેહાભિમાન જાય
પછી ધ્યાનમાં મૂર્તિનો આનંદ આવે.

ฎ๑ଔ

જ્ઞાન-સમજણ પાકી કરી બ્રહ્મરૂપે પોતાને માની
પ્રભુમાં જોડાવું તેનું નામ યોગ.

ฎ๑ଔ

નિષ્કામના બે અર્થ છે-એક ઇન્દ્રિયસંયમ અને
બીજો ઇચ્છાએ રહિત.

ฎ๑ଔ

સત્પુરુષના સંગે દોષો કાઢવા મંડે તો એ જ જન્મે
કસરમાત્ર ટળી જાય.

ฎ๑ଔ

મોટા મુક્તની અનુવૃત્તિમાં વર્તે તો જ મૂર્તિનું સુખ મળે.

# અમૃત રત્નો

અપરિગ્રહી રહેનાર જ મુક્તિ પામી શકે છે.

ꕥ

કોઈ પણ પ્રકારની આસક્તિનું વળગણ જન્મ ધરાવે છે.

ꕥ

મોટા મુક્તના અપરાધનું ફળ જીવને
પ્રભુ પોતે ભોગવાવે છે.

ꕥ

જ્યાં સુધી જીવ સજા ન ભોગવે, ત્યાં સુધી
પોતાની ભૂલ સમજી શકતો નથી.

ꕥ

તપનો ખરો અર્થ છે - દેહભાવ તથા અહંકાર કાઢવો
ને મૂર્તિમાં જોડાવું.

સાધનામાં અડચણ સમયે સાધક માટે
આર્તનાદે કરેલી પ્રાર્થના એ અમોઘ શસ્ત્ર છે.

ꕥ

મુક્તની જેટલી પોતાની ગતિ કે સ્થિતિ હોય,
તેટલી જ બીજાની કરાવી શકે આ સિદ્ધાંત છે.

ꕥ

કૃપા એ ફક્ત શબ્દ કે વિચારમાત્ર નથી,
પરંતુ પરમાત્માની જબરજસ્ત અનુગ્રહાશક્તિ છે.

ꕥ

ધર્મ અને અધર્મ બંનેનો ત્યાગ કરે ત્યારે
પ્રભુની પ્રાપ્તિ થાય.

ꕥ

ધર્મ-નિયમમાં પક્વ થયા વગર પાત્રતા આવતી નથી
એ વાત દીવા જેવી સુસ્પષ્ટ છે.

# અમૃત રત્નો

પ્રભુ પ્રત્યેની અતિ દૃઢ શ્રદ્ધા તેમજ નિર્ગુણ પ્રેમ
પ્રભુની દિવ્યતાને આકર્ષે છે.

ꙮ

પ્રસિદ્ધિની લાલસા પાત્ર થવામાં બહુ મોટો
અવરોધ ઊભો કરે છે.

ꙮ

મોટા પુરુષનું વચન લોપવું ન જોઈએ.
તેમનું વચન લોપાય તો સાધનામાં વિઘ્ન આવે.

ꙮ

કર્મનું ફળ પ્રભુ ભોગવાવે, ત્યારે કઠોરતા
વજ્ર થકી ભારીનો સિદ્ધાંત પણ અપનાવે છે.

જ્યાં સુધી પૂર્ણસિદ્ધ અનાદિમુક્તની સ્થિતિ ન થાય,
ત્યાં સુધી જન્મ ધરવા પડે છે.

જ્યારે દરેક ચૈતન્ય પૂર્ણ મુક્ત સ્થિતિને પામશે,
ત્યારે તે છેલ્લો, અંતિમ આત્યંતિક પ્રલય ગણાશે.